દાપું

સુરમલ વહોનિયા

પૂર્વ પ્રકાશ

Dapu
by Surmal Vahonia

© પૂર્વ પ્રકાશ

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૨૦૧૦

પ્રકાશક

પૂર્વ પ્રકાશ
૧૦, સ્પ્રિંગ વ્યુ, તક્ષ કોમ્પ્લેક્ષ સામે, વાસના રોડ
વડોદરા ૩૯૦ ૦૧૫
ફોન નં. : ૦૨૬૫-૨૩૫૩૩૭૭
ઈમેલ : purvaprakash.publication@gmail.com

મુખપૃષ્ઠ
પીયુશ ઠક્કર

અક્ષરાંકન
મકસુદ દાઉદ

મુદ્રણ સજ્જા
નિરજ કેંગે

મુદ્રક
શિવમ્ ઑફસેટ, વડોદરા

મૂલ્ય : ૫૦/-

ડૉ. ગણેશ દેવી

અને

વનવાસીઓની દેવી મહાશ્વેતા દેવીને

સાદર અર્પણ

થોડુંક

સાહિત્યમાં સામાજિક આવરણો વચ્ચે સુષુપ્ત રહેલા તળપદને કળારૂપે પ્રગટાવવો છે. તળપદ સાથે નાભિનાળ સમ્બન્ધે જીવનના અનુભવોને સાહિત્યમાં લાવી એ માનવોની કથા માંડી છે. વાંચવા લખવા તેમજ વિચારવાની ક્રિયાઓ સમુદ્રનાં પાણીની જેમ જોરથી ઉછાળા મારે. પ્રથમ વૃષ્ટિમાં પલળેલ ધરતીની ઉઠતી સોડમને પરિણામે ધૂળમાં આળોટતાં, વેર, વહેવારને વટ રાખતાં આવડે એવા લોકની સંસાર–સંઘર્ષ–લીલા તળાવના બંધિયાર જળમાં પથ્થર ફેકતાં થોડીવારમાં વળમોની જેમ વિસ્તરે, સંસ્કાર અને સંવેદન વ્યકિતની સાચી ઓળખ છે. અનુભવનું બળ કામ આવે. લોકના ટોળામાં ખોવાઈ જવાનો આનંદ થાય. જીવનમાં કોઈ વસ્તુ સરળ અને સ્વાભાવિક મળે ત્યારે એની કોઈ કિંમત રહેતી નથી. લડવું, ઝઘડવું એ તો મનુષ્યની પરંપરા રહી છે. સંઘર્ષ વગર જીવન શકય જ નથી. સંઘર્ષ વિના જીવનનો વિકાસ પણ અસંભવ છે. આહાર, ભય, નિદ્રા અને મૈથુન મૂળ કુદરતી આવેગો છે. આવેગો પર નિયંત્રણએ કુદરતી ખલેલ છે. કયારે, કયાં તેમજ કેમ એવા પ્રશ્નો ઉભા થતાં મનુષ્યે એના પર નિયંત્રણ મૂકયું. કુદરતનો ક્રમ અવગણાય, અવરોધાય, ત્યારે માનસિક, સામાજિક સંઘર્ષ જન્મે. કુદરત સતત સર્વોપરી તેમજ સાર્વત્રિક છે જયારે મનુષ્ય કુદરતમાં પેદા થયેલું જંતુ છે. વાતાવરણ અનુકૂળ હશે ત્યાં સુધી જીવશે પછી પોટલાં બાંધી જશે.

આધુનિકતાવાદનો છેડો આવ્યો પછી માણસ પોતાના મૂળ તરફ પાછો વળ્યો. સર્જકની કલમમાં નિજ ધરતીની ભાષા, સંસ્કૃતિની સોડમ, નારીની ખુમારી, અનુઆધુનિકતાવાળુ મૂળ તરફનું મનુષ્ય જીવન કેન્દ્રમાં આવતાં જીવનલક્ષી અભિગમ પ્રગટેલો જોવા મળે છે. સમજણ અને સંવેદનથી જ્ઞાનની ક્ષિતિજો વિકસી. દુ:ખ દર્દમાં ફસાઈ પડો ત્યારે નવલખ તારલા ભરેલા ખુલ્લા આકાશ નીચે, કોઈ સાગર કાંઠે કે પહાડની ટોચ પર બેસી જાઓ તો સમગ્ર સૃષ્ટિ તમારી સંગાથ બની જશે.

'દાપું' એટલે દહેજ. એનાં સ્વરૂપ જુદાં છે, લાંચરૂશ્વત કે ભ્રષ્ટાચાર દહેજનો જ એક પ્રકાર છે. 'દાપુ' સામાજિક કથા છે, જગતના માનવ સમાજોને કેટલેક અંશે સ્પર્શે છે. સરકારી કાયદા પ્રમાણે દહેજ લેવું ને આપવું ગુનો છે. છતાં લોકો લે અને આપે છે. મનુષ્યને સામાજિક બંધને બાંધી રાખવા માનવીએ ઉભી કરેલી સામાજિક

વ્યવસ્થા અથવા દુર્વ્યવસ્થા છે. સમાજમાં રહેતા માનવોને એની જરૂરીયાત લાગી હશે. દહેજ કુદરતી પ્રણાલિકા અનુસાર નથી માટે એ ન્યાયને અનુરૂપ નથી.

'દાપું' લઘુનવલકથામાં દાહોદ જિલ્લાના ભીલ આદિવાસી સમાજની સામાજિક પરંપરાને કથા વિષય બનાવી પ્રજાજીવનની આંતર બાહ્ય છબિ ઉપસાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ વિસ્તારના ભીલ આદિવાસીઓમાં કન્યાના વારસદારોને દહેજ લેવાનો સામાજિક અધિકાર છે. કથા નાયિકા ધુળીએ બીજી વખત લગ્ન કર્યા. પ્રથમ પતિ દહેજ ચૂકવવાની વ્યવસ્થા ન થતાં ઘાડ પાડવા ગયો ને મરાયો. બીજો પતિ દહેજ ચૂકવે તેમ નથી છતાં ધુળીએ એની સાથે લગ્ન કર્યા ને સામાજિક ખટપટોમાં સપડાયાં. "નવલકથાનાં પાત્રો વચ્ચે કહેવાતો શુધ્ધ પ્રેમ નહીં પણ માત્ર દેહના હેતુનું આકર્ષણ છે. પ્રેમ નામની કોઈ વસ્તુ કે પદાર્થ નથી એટલે કોઈ કથાને 'અમર પ્રેમની કથા' કહેવા કરતાં જીવાતા જીવનની કથા કહેવી વધુ યોગ્ય ગણાશે, કથા નાયિકાને ધુળો ગમ્યો, એનું કારણ પ્રેમ નહી, પહેલી નજરનો પ્રેમ કદી હોઈ જ ના શકે, એની જગ્યાએ ધુળામાં કોઈક આકર્ષણ છે જે ધુળીના દીલને હલબલાવે છે. કસાયેલું શરીર, શરીરનો ઘાટ, એનું સૌન્દર્ય, રીતભાતથી ધુળી પ્રભાવિત થઈ છે. ધુળાને ભોગવવા એની વૃત્તિ સચેત બની છે. પાત્રો વૃત્તિના બળે એકબીજાથી આકર્ષાઈને નજીક આવવા મથે છે.

આદિવાસી સમાજમાં દહેજના કારણે મારામારી કે કાપાકાપી જેવી ઘટનાઓ ઘટે છે. 'દાપું' નવલકથાની નાયિકાએ સમાજનો નહી પણ દાપુંનો વિરોધ કર્યો છે. પોતાનો આદર અને સ્વાભિમાનની રક્ષા કરવાનું તે જાણે છે. સામા પૂરે માછલી કે સ્ત્રી ચઢી શકે, પુરૂષનું એ કામ નથી. 'દાપું'ની કથામાં સ્ત્રી ધગધગતા લાવા સ્વરૂપે છે.

ભીલ સમાજના જીવનને કલમથી આકાર આપવો છે. આ સમાજ સાહિત્યના હાંસિયામાં છે. સાહિત્યમાં હજી સ્થાન મળ્યું નથી. નવલકથાની કથન શૈલીમાં ભાષા પ્રદેશ આદિવાસીની ભાષા પોતાના વિસ્તારમાં બોલાય તે ભીલી બોલીનો છે. બોલીના ઉચ્ચારમાં આરોહ અવરોહ તેમજ લહેકાઓ જાળવ્યા છે. આદિવાસી લોકમાં ગવાતા મંત્રોની કવિતા– રેરી લયમાં ગવાય છે એવો લય અહીં પ્રયોજયો છે.

થાણેથી નવો જમાદાર ગામમાં આવી વસ્તાને થાણા પર થયેલા હુમલા વિશે પૂછે છે એના ઉત્તરમાં કથા મંડાય છે. વાર્તાનો એક એક શબ્દ વસ્તાના મોઢે કહેવાયો છે. જે કંઈ બોલે છે, વિચારે છે એની ભૂમિ છે વસ્તાનું મન અને મ્હો.

માનવ પોતાની પરંપરા પ્રત્યે પ્રેમ ધરાવે છે તેથી તેને તે અકબંધ ટકાવી રાખવા મથે છે. પાંદડે નીતર્યું પાણી પીવાની મીઠાશ ને ધોધમાં ન્હાવાનો લ્હાવો કંઈક જુદો જ છે. માનવની નાની સરખી વાત અનાયાસે આકારવાનો આનંદ થનગને છે. જે તે પ્રેરણાસ્રોતનો અવર્ણનીય આનંદ મારા હૃદયને સતત ઉજમાળે છે. નવસર્જન માટે પ્રા. કાનજીભાઈ પટેલ, ડૉ. મનુકુમાર સુથાર તેમજ પ્રા. ખંડુભાઈ પરમાર જેવા મિત્રોની હૂંફ અને પ્રેરણા હંમેશાં યાદ રાખીશ. પ્રા. શંકર પ્રજાપતિની સતત પ્રેરણા અને ઉમળકાનો ઋણી છું. મારી કૉલેજના સાથી મકસુદ દાઉદે મુદ્રાંકન કર્યું તે મને યાદ રહેશે. પૂર્વ પ્રકાશ એને પ્રગટ કરે, એ મોટું સુખ છે.

સુરમલ વહોનિયા

વસ્તો બોલ્યો

ધુળી સવલીની જુવાની....

મસ્તીનો સાક્ષી વસ્તો

મનમાં બોલે

સવલી...., એ..... સવલી...., ટાટલું ઉગાડ...., સાલ ઉઠ...., આપુ પાણી ભરવા જાગ્યે, ધુળી આવતીકને ટાટલું ઠુંકે.

એ ઉભી રે, ટાટલું હુકામ ઠોકે...., યે હું બારતાં આવી, અરદી રાતની કાં પાણી ભરવા જાય સે, ઝગમગ તારગ્યું ઉગ્યું કે કોન ઈ ભાળતે ખરી, ઝુમખી નમી નથી, કુકડા બુલ્યા નથી, ઘટી ઈપેર દયણાં દળ્યાં નથી તર તું પાણી ભરવા જાવેની કાં વાત કરે...., હજુ ઈજવાળું થાવેની વાર સે, ફટક થાવા દે, હું થાઈગ્યું સે તને, માજમ રાતની સાલી આવી, સવલી ધુળીને કહે.

એ વાર વે તે સવલી તું અઈ ખળામાં ખાટલી ને ગુદડી લીતી આવ

દમલો કાકો ભાઠી સડાવી તી પેલી ધારનો નહકાળો પીન પડયો લાગે, ઈની ધાંહ કઈ દે કે ઈ આજ પીદીલો સે. સવલીએ જવાબ આલ્યો.

મજૂરી કરે તી થાક ઉતારવા પીવો પડે કે – ધુળીએ જવાબ આલ્યો.

ઈ તે પીદેલો, પુણ તેં હું પીદું, તન કેમ નીંદર કોન આવી. સવલીએ હામે સવાલ કર્યો.

સવલી, અઈ માર પાહે આવ, કુઈ હાંમળતું નથી કે....! મારી હગાઈ થાઈ ને હગાઈવાળાનું મોઢું ભાળ્યું તી દાડાથી મારી નીંદર ઉડી ગઈ, મોંખામણું ભળાયા કરે તી નીંદર કોન આવી. ધુળી બોલી.

ધુળી તનતે પેંણ સડીગ્યું લાગે, તારી જુવાંની કાબુમાં રાખ

સવલી, નથી રીવાતું બસ, ઉમળકો ઈવો આવે કે કાંક જાઈને ઈન મોડામોડ..

ધુળી તું હામે સાલીને મળવા જાય તો હામાવાળું માણહ તારી કિંમેત હું કરે ઈ તે વસ્યાર્યું સે ખરૂં

સવલી વસ્યાર કરવામાં જુવાંની ઓગળી જાય પસી હું મતલબ

ધુળી, અસ્ત્રીની જાત કદી હામે સાલીને મળવા ના જાય, ઢુકાઢુક કરવેનું કામ આપડું નથી આપડે થોડીક લાજ હરમ રાખવી.

સવલી, તું જો ભણી ગણીને સાઈબ થાઈ હોત ને તો તું બદાંન હમજાવેનું કામ કરતી હો.

ના, ના, ધુળી તું ભૂલે સે, ભણી ગણીન મોટા સાઈબ થાઈ ગ્યા ઈ હક્કમાં સે ઈમ ની માનવું, મોટાંનાં તે મુટાં દઃખાં, કીતરાંક તે એક બીજાન હમજતાં કોન ઈતરે ઈનાંનો અહમ એક બીજા હામે ટકરાય તી કાયમનાં કસ કસ કર્યા કરે.

સવલી, બદાં હરકાં થોડાં, એક બીજાન વળખતાં આવડવું જુગ્યે, ભણવા કે ના ભણાવાનો કાં સવાલ સે.

ધુળી, તને નવાઈની જુવાની ફુટી, કુદા કુદ કર્યે કાં ઠેકાંણાં

સવલી, તને રતનપરા ગામની પેલી દોકાંનવાળી સંગલીની વાતની ખબર સે કે ? જનમારો કુંવારો ગ્યો, હાઉ પસ્તાય સે, જુવાંનીમાં હાંડ થાઈને ફરી તી કુઈ હંગાથે મેળ ના ખાદો. પાસલી ઉમરમાં ઘેર કર્યુ ઈનો કઈ મતલબ ખરો. જુવાંની ઈજુવાંની, સાલી જાય ઈ પાસી થોડી આવે, ડાયેવારે જુવાંની જેવો ઉમળકો કાંથો. સવલી બોલી

અરે ધુળી, બદી થુડી સંગલીની દાંનેતની હોય.

સવલી, તું મડાખાટ એક પાહે મેલ દે, આપું આં પરાળમાં તાજાં, મારી પાહે બેહ ને મને વાત વતાડ, હું તારા જેવી ટાડી થોડી સે તી સબદાઈ ને પડી રું, તને થુડો ઘણો ડીલમાં ઉમળકો આવે કે કોન – કેતી ધુળીએ સવલીને ઠુંહું માર્યું.

તો તું જા હાંડ ભેગી થાવા આં હું કામ આવી, ઉમાળે આવી વે તે દોડવા મંડ, સાલતી પકડ, અરદી રાતની ઉઠાડીને નીંદર વગાડી, હું મારી મસ્તીમાં હુતી તી ને તું આવતીક ને ટાટલું ભભડાવે.

અરે મસ્તીમાં હુવા વાળી, પેલા ભીમપરાવાળાન ભાળીન તને હું થાયું તું ઈમ કેતી ધુળી સવલીને ગુધાવે.

ધુળી લે, આ તાર જુડા જુડ બેઠી, હું થાયું તું તી મને વતાડ, મને કંઈ થાયું નથી. આદમી જાત ભાળીને ગાંડી થાઈ જાઉ ઈમાંની હું નથી. સવલી બોલી.

સવલી હું કાં ગાંડી થાઈ સે, મન નીંદર કોન આવી

ધુળી, ઈ તારી ગંડવાઈ કિવાય, તું તે બસ ઈના વસ્યારમાં ફર્યા કરે. વસ્યાર કર્યા કરે પસી નીંદર કાંથી આવે.

સવલી .....તું મને વદાર નથી બાળે હો નીતે તન હું ઈના પરાળમાં દમુળી નાખી.

ધુળી, તું તારા મનમાં હમજે સે હું ? દમુળ તારા થનાર ધણીને, બીજાને કાં દમુળે

સવલીનો હાથ હાઈને ઝંઝુકયો તી સવલી જાતી પડી પુણ પાસી ફરીને ધુળીને બાથમાં ઘાલી પરાળમાં દકડી. પરાળના ગુટેગુટા કાડ નાખ્યા, દરામાં મગોર મસ્તી કરે ઈમ બથાબથી થાઈ ગઈ, એક બીજીન ઉથલાવે ને સડી બીહે, બાથમાં ઘાલીન સબદે, પોગમાં પોગ ભીડવીને આંટી પાડે, કઈ હુદી ખેલ કર્યા ઈ મેં હંતાઈને ભાળ્યા કર્યુ, જુવાની ખરેખર જુવાની સે, કુકડો બોલવેની વખત થાતાં દયણું લીને દળવા બીહે તી ઘટી ખેસ્તી જાય ને ગાતી જાય. ફટક થાતાં ઝપાટાબંદ પાણી ભરી લાવે, સુલા હળગાવદે.

મારી નજરમાંથી ઈનાની જુવાની હટી નથી, મારી દીકરી સવલીને કઈંક કરતાં તાજું ઠેકાણું મળ્યુ, ધુળી દઃખમાંથી બેઠી થવા ઘણું મથી પુણ કુદરોતનું કરવું એવું હશે ઈને બેઠી ના થાવા દીધી, કુદરોતે દગો દીદો, બેઠી થાવા મથે સે, મારી નજર હામે મોટી થાઈ, ઈનો બા દમલો મર્યો તી ઝાઝો વખત નથી થાયો. હું ઈને મારી બીજી દીકરી ગણું.

વસ્તો બોલતો ગ્યોને રોતો ગ્યો, આગળ ના બોલાયું પાછલા ભવને યાદ કરી મનમાં ઝુરે, ડૂમો ભરાયો આંખમાં પાણી આયું. સલમ ભરી અંગેઠામાંથો સલમ ઈપેર ઈગારો મીલી ફડાકો મારે તાં

કોઈ છે કે ઘરમાં ? – જમાદારે બૂમ પાડી

આવો...., આવો, જમાદાર સાહેબ આવો ...., લો બેહો ...., ખાટલે બેહો –વસ્તો હામે દોડયો.

હું આ થાણામાં નવો છું, મેં જાણ્યું કે થાણા પર લાકોએ હલ્લા કર્યા છે, ઈ ધુળીના ધણી ધુળા માટે થયા છે. આ ઘટના પાછળનું રહસ્ય શું છે? જાણ્યા વગર ચેન પડે એમ નથી, માટે અહીં આવી ગયો છું, અહીં આવવાને મારે બીજું કોઈ કારણ નથી

નામ શું તમારું? જમાદારે ખાટલા પર બેસતાં પ્રશ્ન કર્યો ?

એ વસ્તો, સાહેબ, વસ્તો લો આ પાણી પીવો.

તમે મારી પાહે બેહો. જમાદાર બોલ્યા

હું તમારી હામે બેહું. વસ્તો બોલ્યો

મારે તમારી પાસેથી બધુ જાણી લેવુ છે. જમાદાર બોલ્યા

સ્હા પાણીનું કેજો સાહેબ ઈ પરમાણે ગોઠવણ થાય. વસ્તો બોલ્યો

આ ગામના લોકો કયાં ગ્યા ? કેમ દેખાતા નથી? મને જોઈને કેમ સંતાય છે ? ભાગંભાગ કેમ કરે છે? જમાદારે ફરી પ્રશ્ન કર્યો

જમાદાર સાઈબ, તમુ થાણામાંથી બારતા આયા તી લુકાંય ભાળ્યા, તમુ કઈ પાહે જાઓ ઈની નોદ રાખી, જમાદાર આવે ઈવી વાર વાગી ને લુક દબ્યે પોગ કાં પાતાળમાં ઉતરી ગ્યાં તીનો કુઈ અત્તોપત્તો હાથ નીં લાગે

કેમ પણ ?

સાહેબ, માણહ ઈ માણહ, તમુય પેર્યા ઈ સરકારી સીતરાં ને હમારાં, સરકારી નથી ઈતરો ફેર, માણહને માણહ નથી હમજતું ઈ વાતનું દઃખ સે

પણ લોકો ડરે કેમ છે? જમાદારે પ્રશ્ન કર્યો

મારથી, કે દંડથી, સાહેબ, માર કરતાં મોત વહાલું – વસ્તાએ જવાબ વાળ્યો.

શા માટે મારે કે દંડે?

સાહેબ, માર અને દંડ વગર પુલીસ થાણું ના સાલે, ગનેગાર ને માર પડે ને દંડ થાય ઈમાં વાંધો નથી પુણ વગર ગને દંડાય ઈમાં વાંધો પડે, ઈતરે તે લુક કે સે કે જમને ઘેર જવાય, જમાદારના ઘેર ના જવાય, વગર લેવા દેવામાં દંડાઈ જવાય ઈમ કરીને લુક હામું ના આવે. મોતની ડીળી સડાય રાજની ડીળી ના સડાય. રાજ હામે લડતાં થાકી જવાય, ગામના પુલીસ થાણાને લુકાં તે જમડાના રાજ કરતાં ભુંડું કે સે. જમનું તેડું આવે તી તાજું, રાજનું તેડું આવે તી ભુંડું.

પણ વસ્તા કાકા, સરકારી માણસો બધા સરખા થોડા હોય, ને વગર ગુને દંડે

સાઈબ, ડાગ લાગી ગ્યો, ખલ્લાસ, ગમે ઈતરો હાબુ લગાડો ના ધુવાય. આ ધુળીનો ધણી ધુળો દંડાયો ઈ વગર લેવે દેવે, ઈ ગનેગાર નથી, લુક જાણે સે પુણ સરકાર નથી હમજતી. સરકારના નિયાનો કુઈ ભરોહો નીં. માણહની અડધી જિંદગી તે મારથી ને સરકાર હામે લડતાં તૂટી જાય.

વસ્તા કાકા કયાંક ન્યાય કરવામાં કાચું કપાયું હશે. બાકી સરકારી ખાતું ભૂલ ના કરે – કહી જમાદારને વસ્તાનો જવાબ જાણવો છે.

સાહેબ, શંકાની મા ને ડાકણ ખાય, લુક તે આડુ અવળું કે પુણ નિયાવાળા હાસનો નિયા કરવા લુક કરતાં પુતેની જાત પર વશ્વાસ રાખી નિયા કરે તો, હાસને કદી આંચ ના આવે, પુણ આજે હાસનો જમાનો નથી.

વસ્તાકાકા, સત્ય કદી મરશે નહી, ગમે ત્યારે પણ એ દેખાઈ આવશે, એ પ્રગટ છે, જમાનો બદલાશે સત્ય કદી બદલાશે નહીં.

જમાદાર સાહેબ, સત વે તી સાંદીણે ભળાય, ધુળી રૂપાળી ખરી પુણ ગરીબને બે ગુધા વદાર ખાવા પડે, પીલી કિવેતમાં કિદુસેને નરતાને બે ગુધા વદાર, ગરીબનું કુઈ બેલી નથી ઈતરે એને બદા દબાવે, લુકમાં એવું સે ને જરીક તાજી રૂપાળી અસ્ત્રીજાતનું રૂપભાળીને બદા ગાંડા થાય અને ઈજ થાયું, પુણ ધુળી કોઈને બદી નથી. ઈની જુવાંનીએ ભલભલાંને વસ્યારમાં નાખી દીધાં. કુદરતે રૂપાળી ઘડી ઈમાં ઈ બસ્યારી

વસ્તાકાકા, આ ધુળીના કેસમાં ધુળીનો કોઈ ઝઘડો છે કે પછી ધુળા પર કોઈ ચોરી કે મારફાડનો કેસ હતો?

સાહેબ, ચોરી ને મારફાડ આખી દનિયામાં થાય, માણહને ફાવતું ના મળે તો ઈ લૂટ ના કરે તો કરે હું. ખાવાનો વસ્યાર હોય ને ખાવા ના મળે તો કેટલી ભૂખ વેઠે, ખાવા હારું ખેલ કરવો પડે . માણહને માણહ લૂટે બીજે કાં લૂટવા જાય, એક પાહે માલદાર ને બીજી પાહે ખાવાનાં ફાંફાં, લુક જાણીને ચોરી નથી કરતું, કરવાની ફરજ પડે છે પણ ધુળી કે ધુળાએ કદી ચોરી કરી નથી

તો શું છે વસ્તાકાકા એનું રહસ્ય મને સંભળાવો.

હાંભળો, સાહેબ તમને ઈ વાત હમળાવું

વસ્તે ખોંખારો ખાધો ને વાત માંડી.

ધુળીનો ધણી ત્રીજી વખત આણુ તેડવા આયો તોય ખાલી હાથે પાછો ગ્યો. ગામ લોકોએ એને ના પાડયું. ઘણું મથ્યો, એને એમકે આ વખતે આણું તેડયા વગર પાછો ના ફરું, આવ્યો તો મનમાં ગાઠ વાળીને

પેલી વખત આયો ને ગામ લોકોએ કહ્યું, તમે આવતા જતા રો ઈમાં અમને વાંધો નથી. કહી પાછો માકલ્યો.

બીજી વખત આયો આણાની રીત વગર આણું ન આવે ને ત્રીજી વખત આણું રોકાઈ ગ્યું ઈનો નિવેડો લાયા વગર આણું ના ફરે.

ધુળીને તો જાવું છે ધણીના પોગે પોગ, આણું તેડવા આવેલ ધણીને હામોહામ બેઠી. ધણીને ભાળી મલકાયા કરે. પેલ વખત લગન થાંયા તી ઘડી લગનને દાડે પેલવેલી હાહરીમાં વળાવીને ભેકડા તાણી ગામ ગાંડુ કરી મેલ્યું. ઘેરના આંગણામાંથી વળાવતા નાકે દમ આવી ગ્યો. ખદેડવી પડી, વળાવનારાં પાછાં વળીને ઘેર આવ્યાં તો કોઈ કંઈ બોલ્યાં નથી. ગામના પાદરે અલોપ થઈ તોયે રોવાનું બંધ નથી થયું.

આજે ધુળી પૂરેપુરી બદલાઈ ગઈ, પિયર કરતાં હાહરી વાલી થઈ પડી. આણું રોકાહે એમ માલમ પડી ગ્યું હોત ને તો એ કદાંન પિયર ના આવતી. વાતો કરતા તાં ધુળીનો ભાઈ આણાવાળા આયાસે કરતોક ને ગામના પાંચ વડીલ તેડી આયો. ચલમ આડી અવળી ફરે ને વાતો થાય. વરહ તાજું ના આયું, ફસલ બરાબર ના ઉતરી , વરહ દગો દઈગ્યું વાતો થાય તે ધુળી એક પાહે બેઠી હાંભળે. ગામના વડીલો હામે એનો ધણી મથ્યો, રોક્કળ કરી તોય ના માન્યા. ધુળીના બાપે ગામના પસમાં બેહી વરહો વરહ નિયા કર્યો પુણ ઈ પસ બદલાયું ને નિયા બદલાવા માંડયો. આજે પંસ એટલે આઈ વાલી નહી ખાઈ વાલી વાળું થાઈ ગ્યું ઈતરે મન ફાવે એમ નિયા કરે. જગોડોહો, તળસી, ગલોપૂજારો, નાનાંમુટા રાજકારુણિયાં ને નવા ઊભા થાતા સેવકોના હાથમાં કારભાર સાલ્યો ગ્યો. ગલાપૂજારાનો બાપો ગલાની મા ને જંગલમાંથી છાણાં વેણતી ટોપલા હાતે લાયો, એણે દેજ આલ્યું નથી. જગા ડોહાની હાહુએ જગાની ટાપરી જોઈને અડધું દેજ જવા દીધું. આજે દયાની મા ને ડાકણ ખાય ઈ જમાનો આયો. રાજ બદલાય, કારભાર બદલાય, નિયા અને લુકની નિયતપુણ બદલાય. અબ્દુલ ઓરાએ ધુળીના ભાઈને ધુળીનું આણું મોકલવા કીધું તો તેણે ગાળાગાળી કરી. જગોડોહો ને ગલા પૂજારાને વાત કરી તેમણે ઓરાને કીધું ગામમાં વેપાર કરવાની છુટ, નિયા કરવાની છૂટ નથી, ગામમાં રેવું હોયતો નિયા કરવો બંધ ઓરો હમજી ગ્યોં, ભાઈબાપા કું , પગે લાગું કરી માંડ છુટયો.

એક દન ગલોપૂજારો મોટો બામુણ હોય એમ ધુળીના ધણીનો હાથ ખેંચી હથેળીમાં જોશ જુવા મંડી પડયો. લાંમી આવરદા સે, ખાવાપીવાનું સુખ તાજું સે, વસ્તારમાં પાંસ સુરાં ઈમાં છેલ્લાં બે જંડવાં, કહી ધુળીની હામે ભાળે. ગામમાં ફરવા ફાતડા આયા ઈમાંનો એક આવી લાગ્યો ને ધુળીના ધણીની હથેળીને જોતા ગલાની પાહે આવી બેઠો, ગલો જાણે કોઈ રૂપાળું બૈરું જાતરીમાં આયું જાણી ઈની પાહે લમાયો, ફાતડાએ ગલાની હામે હથેળી ધરીને ગલો જોવા ફરી વાળ્યો, થોડો એની પાહે દબાયો. ખાદે પીદે તાજું સુખ સે, હાહરીને પિયોરમાંથી એક હરખું સુખ મળહે, સ્યાર સુંરાંનો વસ્તાર થાહે ઈમાં છેલ્લા બે જંડવાં, એમ કહેતાં ફાતડાએ ગલાને બાથમાં ઘાલ્યોને ખુળામાં લઈ દબાવી ગાલ પર કહકહાવીને બચી કરી. ગલાને ઘણું તાજું લાગ્યું પણ ગલાને છોડયો ને તાળી પાડી. એનાથી ગલો ભડકયો. ઉઠીને નાઠો, મારાધણી, મારોધણી, કરતો ફાતડો દોડયો તી ગલો ઘેર ફરતો ફરે. પાછો વળી ફાતડો ધુળીના ધણીને જમાઈ કહી રૂપિયો લઈ ગ્યો. જગો ડોહોને તળસી ઉઠીને રસ્તે પડયા. ધુળીનો બ્હા દમલો ચલમ ભરીને ફેરવ્યા કરે, મૂંગામંતર હાંભળ્યા કરે. ચલમ પી ને દમાઈ ગ્યો તી લુક એને દમલો કે. ભાંગ પીવાની કોઈ જરૂર ની છતાં પીધી ને દમાઈગ્યો તી ખૂં ખૂં કરીને કૂહતો ફરે. આણું મુકલવા ઈ ના નથી પાડતો લુક ના પાડે.

દીકરીના વહાલને પેટભરી પીધું છે. ખોળો ખૂંદીને મોટી થઈને હાહરીમાં વળાવતાં આંતરડી કકળી. વગર આંસુએ રોયો.

ધુળીના ધણીને માલમ થઈ ગ્યું તેણે જીદ ના કરી ને આણું નથી આવવાનું તો હવે રોકાવા કરતાં રસ્તો પકડવા ઉભો થાયો. ધુળીને ધણીની હારે જાવું તું પુણ બાપની ઉપરવટ નથી જાવું હમજી રોકાઈ. ગામનો કાયદો તોડતાં આફત ઉભી થાયને ઘર તૂટે એના કરતાં ધીરજ રાખવામાં કંઈક ઉકેલ નીકળી આવે એમ મનમાં થમી ગઈ. ધણીને વળાવવા ઉભી થાઈને ડુંગરાની કરાડમાં કાકરા ખહકાવતી ધણીના પોગેપોગ ચાલી નદીમાં ઉતરી રેતીમાંથી વિરડી ઉલેસી પાણી પીધું ને થોડીવાર બેઠાં વાતો કરી. નદીના પાણીમાં થુડીવાર મસ્તી કરી ટાડાં પડયાં. વળાવવા ગઈ ધૂળી પુણ એનો ધણી નદીની ધેડે ઉભો રહ્યો ને ધુળીને પાછી મોકલી તે ભળાતી બંધ થઈને ચાલ્યો. ધુળીની વાટ જોઈ દમલાને ગભરામણ થાઈ ગઈ તી ધુળી આવી ને કળ વળી. બાપ દીકરીને રાત દાડો આણાની ફીકર ને દાડા ગણે. આજ આવે, કાલ આવે પણ કાલ કોઈ દિ આવી નથી.

■

ધુળી ઘેર બેઠી વાયદા પરમાણે દાપુ ના સૂકવાયું ને ધુળીનુ આણું રોકાયું. એના ધણીને ઘણીવાર ખબર મોકલ્યા પણ દેજ પુરું ના થાતાં આણું લેવા ના આવ્યો. દાડા ગણી ગણીને થાકી મહિના કાઢી નાખ્યા, ધણી દેજના રૂપિયા ભેળા કરવા મથ્યો મેળ ના ખાધો.

મારે તો હાહરીમાં જાવું સે, મનથી નક્કી કરી નાખ્યું. એના ભાઈ જોડે ચડભડ થઈને ગામનું પંસ ભેળું થાયું. સરકારી કાયદા પરમાણે દેજ લેવું કે દેવું ગનો ગણાય કહેતી પંસ હામે હાજર થઈ.

ગામના લુકનો કાયદો સરકારી કાયદા કરતા મુટો. ગામની રીતમાં રેવું કહી પંસે ધુળીને હાહરે જાતાં બીજી વખત રોકી. ધુળી થમી ગઈ, એનો ધણી લાકડાં વેણવાના બાંને જંગલમાં મળવા આવે.

સવલી ધુળીથી પંદર દાડા મોડી પણી તેને સુરો થાયો તી ધાવીધાવીને ડીંગળા જેવો ધુળી એને ખોળામાં લઈ રમાડે ને તાકે, સવલી આગળ ઘણીવાર રોઈ પડે, આજ નહી તો કાલ હાહરીમાં જવાનું છે, કે તી સવલી એને ટાડી પડે. મનખના અવતારમાં ભાળીભાળીને ઝુરવાનું! એના કરતાં ઈ અવતાર ના મળ્યો હોત તો તાજું, કહી સવલી આગળ નિહાકા નાખે. કામમાં મન ના ચોંટે

સવલી હાહરે ગઈ, ધુળી એકલી પડી. દાડા ચટકયા કરે. કુવસ લાગે ને ખંજવાળ આવે એમ એની નજરમાં હાહરું ખંજવાળ્યા કરે. રાત દિ કાડવા ભારે. ડાબું મેલ્યું પિયોરને કોઈને કીધા વગર ધુળી હાહરીમાં સાલી. ઝંઝુકલું પડતું આયું ને પોતી. મોતિયા કૂતરાએ આંગણામાં ઉભી રાખી. એની હાહુ ઘેરમાંથી બારતી આવી તેણે ઘણા બધા સવાલ કર્યા ને ઘરમાં લેદી, એનો ધણી મજૂરી કરવા પરદેહમાં પડયો. મોતિયો ને એની હાહુ ઘર હાસવે. રાતે વાતો કરી ને હવારમાં વહેલા ઉઠયા. એની હાહુએ પિયોરમાં પાછી મોકલવા ઘણી મનાવી પણ ના માની. ફળીયામાં ખબર પડતાં વાત ગામમાં ફરી વળી. માણહો તો ધુળીને મળવા આયાં. ફળિયાના નાનાં છોરાં ઘમટો ઉસો કરીન મોઢું ભાળે. પિયોરમાં બેઠી તાંથી હાહરીમાં સાલી આવી એટલે લુક તે જાત જાતની વાત કરે. કેટલાકે પાછી મોકલી દેવાની સલાહ આલી તો કેટલાક પોતાની મેળે આવી છે તો રેવા દો કહી રોકવાની વાત કરે.

વાતો થતી તાં એના પિયોરથી બે માણહ તપાહ કરવા આયા તે તપાહ કરી ગ્યા. થોડા દાડા ગ્યા તાં પિયોરમાંથી દાપાના કોલવાળા આયા. એક વખત વળાવ્યા તો બીજી વખત આવ્યા, ને ત્રીજી વખત આખું ગામ તેડીને આયા. ધુળીનો ધણી મજૂરી કરવા પરદેહમાં પડયો ઈ ઘેર આવે તી પેલ દાપાવાળા આયા. ગામલોકોએ ઘણા હમજાવ્યા તોય ના માન્યા ને દાપુ લેવાની અડાઈ કરી એટલે ગામનાં પંસને બેહાડવું પડયું. નિકાલ કરવા પંસ બેઠાં તાં બોલાચાલી થાઈ. કેટલાકે તો દાપું ના અલાય તો ધુળીને છૂટી કરી દેવાની વાત મેલી. ધુળી ગભરાઈ, હાહરીના લુક જો છુટી કરી દે તો જાવું કાં.

વેલું મોડું દેજ આલવુ પડહે, આખી દનિયાં આલે, તમારે ઉપતાળ દેજ જોઈતું હોયતો લઈ જાઓ પાછી ને બીજે દી ખાજો, મનખ તમારું છે, લુક કેવા મંડયું.

લુકની વાતો હાંભળે તેમ તેમ ધુળી ગભરાય. ઘેર બારતો પોગ કાડતાં કાડી દીધો પાછો વાળવો કેવી રીતે?

દઈ ખાજો બીજે ઈતરે કૂતરાં બલાડાં વાળો નિયા, ના, ઈ ના બણે, જાત જાતના વસ્યાર કરી નાખ્યા. અસ્ત્રીની જાતની કોઈ કિંમેત ખરી, પણી ઈતરે બસ પારકી, હાથમાં આવી તો જેમ રમાડે એમ રમવું, હાહરીમાં ઠેકાણાં ના પડે તો જાવું કાં, પિયરમાં રેવાનો અધિકાર નથી એવો જુઠો ન્યા અસ્ત્રી પાળતી આવી સે ને પાળે સે. છુટી કરે તો ધણી બદલવા એ આપણને ના પાલવે. જીવતે જીવ ધણીને બદલવો ઈના કરતાં જીવ બદલવો પણ છુટી તે ના થાઉ. અસ્ત્રીની જાતને દબાઈ દબાઈને કાં હુદી પસ્તાવું

દાપાનો કાળો કાયદો ઘડનારા મનખ જાતના દશ્મનનું નખાખોજ જજો, ઈ કાયદાથી કેટલી કુવારીઓ રંડાહે ને પણેલીઓ ગળવાહ ખાહે ઈ કેમ ના હુજયું ? મનગમતો ઘણી ના મળે પસી જીવતરમાં રહયું હું ? ભરજુવાંનીમાં ઘણી હારું ટંડયા કરવેનું ? જુવાંનીને તપાવી ચીમળાવી મારવેની ? અસ્ત્રીના ગળામાં ગાળગ્યો નાખી ટાપરીમાં પુરી પોગની એડી તળે લાજ કડાવી વસ્તાર વધારવો ને બજાર ભાવે વેચી મારી આંતરડી કકળાવવી. પેલી કિવેતમાં કિદુ સે, ડુંગોર બળે તી ગામ ભાળે પેટમાં બળે તી કુણ ભાળે, હુવાવેડની ખબર સડીનેના પડે ઈ તે જણનારીજ જાણે, ખાખરેની ખિલુડી હાકેરનો હવાદ હું જાણે? વાહરે મખન જાતના કર્મીઓ. આલનારે આલ્યુ તી હક્કે ખવાતું નથી. હક્કે ખાવુ નઈ ને ખાવા દેવું નઈ ઈ તમારો મિજાજ. અસ્ત્રીનું મન સાબુત ના હોય ને બી આલે ઈ નંદવાતાં મનખ જાતનું ધનોત પનોત નિકળી જાય ઈ કેમ નથી વસ્યારતા, આદમીનો હાથ ઈપેર ને અસ્ત્રીનો નીસાં ઈ કાયદામાં બરાબરનો ન્યા કાં સે? કેતી ધુળી પંસ હામે બોલી.

બધાં એકબીજાના મોડા હામાં ભાળે પુણ પંસમાંથી કોઈ ના બોલ્યું

દાપુ સૂકવવા ઘેરબાર કે જમી જાગીર વેસી દેવી ઈમ તમાર કેવું સે ? ધુળીએ પંસ હામે સવાલ કર્યો.

દાપુ તે આલવું પડે પંસમાંથી કોઈ બોલ્યું.

કોઈ કાયદો નથી, ધુળી બોલી.

પંસ બેઠી ઈ કાયદો કે બીજું. સરકારી કાયદો નથી, આ તે પંસનો ઘડીલો કાયદો સે. ટોળામાંથી કોઈ બોલ્યું.

મનખનો જલમ આલી વસ્તાર વધારનારી કુખને તમે દાવમાં મેલી ? ધુળીએ પંસવાળાને હમળાવ્યું.

પંસમાંથી કોઈ ના બોલ્યું બધા ટાઢાટપ થાઈને બેઠા.

તમારા જેવા નામરદોના ખુળામાં પડી માંયકાંગલી ઉલાદ પેદા કરવી તી કાયમની વેઠયા કરે ને ઈવું સાલ્યા કરે ઈમ તમારું માનવું સે ? ધુળીએ પંસને સવાલ કર્યો.

આવા કામમાં કાયદો કાયદાનું કામ કરે, કાયદાથી કોઈ મોટું નથી ઈતરે કાયદાને બાપ કેવો પડે. એક ડુકરો પસમાં ઉભો થાઈને બુલ્યો.

ડુકરા, ડુકરીનું દેજ આલતાં તમન. ધુળીએ સવાલ કર્યો.

ડુકરાની ડુકરી હાજર, કાસળીના ગુંજામાંથી સેંકણીની ડબલી કાડી સડાકો લે ઈ ટેમે હમળાઈ ગ્યું તી ડુકરીને ફૂ... થાઈ ગ્યું ને નખુડામાંથી સેંકણી ઉડી. ડુકરો બુલતાં બુલી ગ્યો પુણ પસી ઈનાથી કઈ બુલાયું નથી, ઈના મુટા સુરાનું દેજ અલાય ઈમ નથી ને જુવાંની ઢળવા મંડી, પણ્યા વગર રઈ ગ્યો તી લુક એને ટળેલો કે, ગાંડા દાખલ થાઈ ગ્યોતી જંગલમાં રૂખડાંને અમથો બાથ ભરતો ફરે. ડુકરો પંસમાથી પાહે પડીને રળકી ગ્યો, ડુકરી જાતાં ભાળી વાહે સાલી, વાટમાં બેજણાં ભેળાં થાઈ ગ્યાં તાં ઉબાં ઉબાં ટપ ટપ આહવાં પાડે, નખુડાં હીમતાં સાલી ગ્યાં.

હું તે કું સે કે જલમતાં હાતે ગળસી દબાવ દેવાની ઈતરે પસેળથી ઈ દાપાવાળી માથાકુટ ટળે, પંસમાંથી કોઈ બોલ્યું.

તે તું કાંથી જલ્મ્યો, તારી જણનારી જલ્મી ઈ ટેમે ઈની ગળસી દબાવી હોત તો તું કાંથો પેદા થાતો. ને તારી બુન બેટીન , ઈમ કૂઈ બુલ્યું ને પસમાં તું તારી થાઈ ગ્યું, માંડ સાનાં રાખ્યાં.

રોકડા હોય તો ડોકરા પૈણે. પસમાં કૂઈ બુલ્યું.

ઈતે ડુકરા કરતાં રુકડા વાલા, ડુકરાને નૈઈ, રોકડા ભાળીને પૈણે. બીજું કૂઈ બોલ્યું.

કુઈ બે બૈરાં રાખે, ધનપરીવાળો કુટવાળા પાંસ બૈરાં રાખે, કુઈ હાત રાખે ઈનાંને ઈમ દાપામાંથી કોરા થોડા જવા દેવાય, ઈમ જવા દો તો બીજાનું હું ? કોઈ બીજું બોલ્યું.

ઈ તે રાખવાવાળા કરતાં રેવાવાળાં મૂરખ સે. પંસમાંથી કોઈ બોલ્યું.

દાપું આલવાવાળાને આલવા જેવું સે તી આલે ને બીજાનું હુ ? પંસમાંથી કોઈ બોલ્યું.

ભોગ લાગ્યા ઈનાંના, આપડે હુ ? ગાંધી બાપુએ આઝાદી અલાડીને વરહું જાતાં રહ્યાં. તાં લગણ હજુ પોગભેર ના થાયા, ઈ બીજા ગાંધીબાપુ જલ્મે તોય તાંના તાં રીવેના. પસવાળા વાતો કરે.

મનખનો જીવ મળ્યો ઈ જીવોન સે, જીવતાં આવડવું જુગ્યે. દાપું ના અલાય તો હું સુટી થાઉ એમ ? ધરતીને હરગ ભેળાં થાઈ જાય તો પુણ ઈ ના બણે, મરવેની વાત હું કદી કરવાની નથી, ઈતરે તમુ ઈમ ના હમજતા કે ઈ કુઈક ઠેકાણે ગળવાહ ખાહે કે કુદી પડહે, હિમેત વગરનાં આવું કરે, મારે મરવું નથી, વટભેર જીવવું સે, દાપું આલ્યા વગર મારે મારા ધણીનું ઘેર હાંદવું સે, લુકને જે કરવું વે તી કરે, મને મારી જંદગી વાલી સે. ધુળીએ પસને હમળાવ્યું.

લુક ગમે તે કે, પિયોરમાં તો નથી જાવુ. મનમાં ગાઠ વાળી. લુક કેવી વાતો કરે તે હામળવા કાનડા દે.

લુકના મોઢે ગળણું ના દેવાય. છાની છાની મનમાં બબડી.

આદમી ખોળતી આવી, ઈ આદમીની ભૂખી સે. લુક તે મનફાવે તેમ બોલ્વા માંડ્યું

ઉમાળે આવેલી રાંડ સાલી આવી, એવું કોઈક બૈરું બોલ્યું ઈ હાંભળતાં ધુળીથી ના રેવાયું, લુકને જવાબ આલવો પડહે એમ વસ્યારીને તૈયાર થાઈ ગઈ.

હા, હું આદમીની ભૂખી સે, મારી ભૂખ ભાંગી નથી, મારે પિયોર નથી જાવું "પૈણ્યા ઈતરે આદમી હાતે રેવું. ધુળી બોલી

લુક હાંભળીને બે ઘડી કંઈ ના બોલ્યું, સલાહ આલવાને બદલે ધુળીના મોડાની વાત હાંમળવા ધુળી બુલે ઈ હામે કાનડા દે.

યે ઈના ધણીને કોન માનવેની, ફટફટ બોલવાવાળું બૈરું કોઈ દિ કોઈને ગાઠે ના. ટોળામાંથી કોઈ બોલ્યું.

વખત આયે બોલવું પડે. કહી ધુળીએ તરત જવાબ વાળ્યો, થોડીવાર કોઈ બોલે તેની રાહ જુવાઈ પુણ કોઈ ના બોલ્યું.

મનખની જાતમાં તમે જેટલા દબાવ એટલું લુક તમને દબાવે ને દાબમાં રાખે પછી ના ગાઠે, ઈની દનિયાંમાં માણહને કાબુમાં રાખવું અઘરું સે, ધુળી બોલી.

ઈના ધણીને હથેળીમાં રમાડહે, કોન ગાઠવેની, પિયોર જાવાદો, હજું કઈ નથી લૂટાઈ ગ્યું.

કેટલાકે તો બૂમો પાડીને કહ્યું, એક જણે તો એના પિયરિયાઓ હામે હાથ લમાવી દાપું હું જોઈને લેવા આયા? આને લઈ જાઓ પાછી, કહી દીધું. એકબીજા હામે જુવે ને લુક ટાપસી પુરાવે ને પુરે.

ઈ તે રાખતા આવડવુ જુગ્યે, મનખ સે, ઢળ્યું તો લાખનું ને ફર્યું તો કોઈના બાપનું નથી – ધુળીએ કહયુ.

દાપાવાળા વાતો હાંમળીને જાણીગ્યા ધુળી આણે આવવાની નથી ને દાપું મળવાનું નથી, ઈનાન પરખાઈ ગ્યુ છતાં આણું લઈ જવા મથ્યા, ધુળી આણે આવે તો પિયોરમાં બેહાડી દાપું લેવાય પણ ધુળી આવવાની ના પાડે, એમણે ધુળીના ભાઈને ખડો કર્યો ને કાનડા ફૂંક્યા તી દમ ભરીને બેઠો થાયો

સાલ, અગેડ થઈ જા નીં તે ઘોઘળું દાબી ઘાલી હા, ધુળીનો ભાઈ કઈડાઈમાં બુલ્યો ટોળામાંથી કોઈ કંઈ ના બોલ્યું, હાંભળ્યા કર્યું

ઉભી થઈને વાટે પડ. ધુળીના ભાઈએ કીદુ.

કોઈ ના બોલ્યું

કાનપોરમાં હડતાળ સે ? હમળાતું નથી ?

ફરી કોઈ ના બોલ્યું, ટોળીમાં થુડો થુડો ગણગણાટ થાય એમાંથી કોઈકે મને તે આ બૈરું ટાડું તે ટાડું પુણ કૈડું લાગે સે.

કેટલાકે દાંત કાડયા, દાપાવાળા ધુળીને લેવા બેઠા પણ ના ઉઠી. એનો ભાઈ આયો હાથ ખેંચી ને ખદેડી, ધુળીનો ચોટલો ખેસ્યો. ધુળી અકળાઈ, એના ભાઈનો ઘોઘળો હાઈ પાડી સડી બેઠી. બૈરાનું ટોળું હડુડું કરતુકને દોડયું સુડવવા, ધુળીના ભાઈને ટીપી કાડયો.

દાપાવાળા કૈડા પડયા તીનાંન ગામનાં બૈરાં ફરી વળ્યાં, જાત જાતની હમળાવે, કુંડાળુ કરીને ઘેર્યા, આયા દાપું લેવા ને ઘેરાઈગ્યા, હથોડા જેવા હાથની ઠીકો પડહે વસ્યારીન ફફડે, બૈરાં ભાળેત ઘાટવાળાં, કેટલાંક વગર ઘાટનાંને કેટલાક ધાંધારીગા, ભમાવીને અડબોટ મારે તો બીજી વારની મારવી ના પડે. થાંભલા જેવા પોગ ની પાટુ પડે તો લોખંડમાં ખાડો પડે.

સંગલી ગામમાં પાનની દોકાન સલાડે, ભલભલાને પાણી પાઈ દે, એક વખત બોલી એટલે હિસાબ પાકો, ઉધારીનો ધંધો બંદ, મરદમુછાળો હોય ઈ પાન ખાવા આવે. બીજું કોઈ ગામમાં પાનનો ધંધો કરે તી સંગલીના હાથનો માર ખાય.

ગામમાં કદી કોઈએ ખોટી પાનની પિસકારી મારી નથી ને મારવાનું મન થાય ઈ બીજા ગામમાં જઈને મારી આવે. ગામનાં લુક સંગલીની વાહ વાહ બુલાડે.

સંગલી ઈતરે ગામનું નાક, આડા હાતે આડી ને ટાડા હાતે ટાડી. સંગલીએ સીટી મારીને બૈરાં ખડે દમ ઉબાં થાયાં, ગળીમાંથી ગરબે રમવા દોડતી આવે એમ દોડી તો કેટલીક ડુબણામાં ટાડી પડેલી ભેંહના હલેસે સાલતી આવી લાગી ને, કાંસે ઈ દાપાવાળા ઈનાનું સસડાવું, કરતી હાથનાં કાંકણાં ખખડાવે, એક બીજીને દમ વતાડવા અમથી દાત કકડાવે. દાપાવાળાને કુઈ હાથની ઢીક વતાડે તો કુઈ પાટુ વતાડે.

સંગલીની હાહુની ઉમર થાઈ ઈ હાંભળતીકને દોડી આવી, તમારું પાણી દું તમારું, તમું દાપું આલવેની કે લીવેની રીત નથી જાણતા, સડયે ઘુડે આયા જાણે કુથળા ભરીને લઈ જાવા, ડોહી ભાર દી ને બોલવા ગઈ ને મોડામાં બીહાડીલું બણાવટી

દાંતનું સોકઠું ફટ દઈને ઉછળ્યું ને નીસાં પડયું. ડોહીએ પડેલા ચોકઠાને વેણી પાછું બેહાડયું. લુક ખી..ખી.. કરીને હસ્યા, દાપાવાળા હસ્યાં.

દાપું લેવા આયા ખરા પણ ધણી વગર કોણ આલે એવો વસ્યાર કરવો તો. કહી ડોહીએ દાપાવાળાને હમળાવ્યું

વાયદા ઈપેર વાયદા કર્યા, ધુળીના ભાઈની પાહે બેઠા તેમાંથી કોઈ બોલ્યું.

ધણી વગર દાવો કોણ ચૂકવે, દાપાવાળા હામે ફરીને સંગલીની હાહુ બોલી.

ધણી નથી તો હું થાયું ? ગામ તે સે ધુળીનો ભાઈ બોલ્યો.

એય, તારું ઘાટડું સસડાવું તારું, લાજ હરમ વગર બુલે, તારી બુનને તેં. ડોહી ગરમ થાઈને બોલી.

દાપાવાળા ટાડાટપ થાઈને બેઠા, કોઈએ બોલવાની હીંમત ના કરી, ડોહીએ બધા પર નજર ફેરવી.

આ ટડા હુદા દોડી આયા તી કાં મુટા થાયા. ડોહા હામળીને ફફડી ગ્યા.

વાતોમાં વાતો ફરી ને પાકી વાત એવી આવીને ઉબી કે ધુળીનું આણું મોકલવું, ધુળીએ આનાકાની કરી પણ લુકની વાત માનવી પડી, ને દાપાવાળાં જોડે પિયોરમાં પાછી વળી તાં પાછું આણું રોકાયું.

■

આણાના વાંકે ધુળી બેઠી પિયોરમાં ને દાડા કાડે. વાણગ્યાની દોકાને વેપાર કરવા ગઈ તાં, નમતું આલજે હો શેઠગ્યા. કેતીક ને ઠેકડો મારી લુણ ભરેલી ગુણો પર સડી બેઠી

ધુળી, નાક નકસે તાર ધણી તાજો સે કે, વાણગ્યો બુલ્યો.

શેઠગ્યા, મનખ હરખું મનખ, ઈમાં તાજા ભૂંડાની કાં વાત –ધુળી બોલી.

લુક કે સે રૂપ, રંગ, ને ઘાટમાં ધુળીનો ધણી તાજો સે. –વાણગ્યો બોલ્યો.

ઈ આવે ને મોડામોડ ભાળવા આવો તર તમન ખબર પડે, માણહ ઈતરે માણહ,રૂપ રંગ કે ઘાટવાળું ઈ માણહ ને બીજાં. કહી ધુળીએ વાણગ્યાને હમજાવ્યો

ધુળી તારો ધણી તન તાજો લાગે સે કે ? ગમે સે કે ? વાણગ્યે સવાય કર્યો

ગમવા ના ગમવાનો કાં સવાલ સે? ધુળીએ જવાબ આલ્યો

ધુળી તારો ધણી તન મારતો નથી કે ?

ધણી સે તે મારેય ખરો , અને શેઠગ્યા વાંક ગના વગર કોઈ મારે.

તારે તે ધુળી તાજું સે , પેલી સવલીના ધણીને. ધુળીને તાજુ લગાડવા વાણગ્યે કીદુ.

કોઈને રૂપ મળેત ઘાટ ના મળે ને કોઈને ઘાટ મળે તે રૂપ રંગ ના મળે પુણ જરાક નાક નકસે તો હારું જુગ્યે નીં તેં લુકાં વાંદરું વળગ્યું કઈને લાજી મારે. વાણગ્યે જવાબ આલ્યો.

શેઠગ્યા, રૂપ રંગ કે ઘાટ ઘડવા ઈ માણહના હાથની વાત નથી. ઈવો કોઈ નિયા નથી કે ઘાટવાળાનાં જુડાં ગોઠવાય ને ઘાટ વગરનાં રઈ જાય. ધીરૂ મોડું બદાનું ઠેકાંણુ પડે ધુળી બોલી.

ધુળી તું બુલવા સાલવામાં ગમે સે, આવતાં જાતાં મળતી રે ઈ ગમે, બે ઘડી ડીલને. વાણગ્યો બોલ્યો

હું તારતાં મજૂરી કરવા આવતી તી દન તું, પુણ શેઠગ્યા ઈ દાડા ગ્યા, હાઉ તે હું ઘેર બારી થાઈ સે, મારા ધણીને ખબર પડહેત ધારગ્યાથી ઝટકાવી નાખહે, તું તે જાહીત જાહી પુણ મને ફંદામ પાડતો જાહી

ધુળી તાર ઘેરવાળાંની ઉધાર બાકી સે. વાણગ્યે કીધુ.

ઘેર વાળાંની ઉધાર બાકી સે તી મારે થુડી ભરવેની, ઉધાર ભરવેનું મારામાં નથી આવતું. ધુળીએ જવાબ આલ્યો.

જંગલવાળો સપાઈ કે ધુળી આવહે તર ઈન રુટા કરવા બુલાવ હું. વાણગ્યો બોલ્યો.

સપાઈને તાં રુટા કરવા કોન જાવેની, ઈ તે રાહી સે, તી દન નયણાં આલે, મન તે હું કાળ સડયો, સરકારી સીતરાં પેરીલાં નીં તે હું ઈનાં રુસ્કાં નીંદ કાડતી, ખરાબ દાંનેતનો, ઈની ડીળી કુણ સડે. ધુળી બોલી.

રુટા કરવા ના જાય તો ઉજાડમાંથાં લાકડાં ના લાવા દે. વાણગ્યે કીદુ

ઉજાડમાં લાકડાં કોન વેણવા દેતું, રાહી સે, અમથું સીસાતું ફરે ને લુકાંન સમકાવે, હમુ તે પીલીમેર વાળા જંગલમાંથાં લાકડાં લાવગ્યે તાનું તક્કું તાજું સે. ધુળી બોલી.

ધુળી તાર દેજના રૂપગ્યા ધુવાયા કે કોન ? વાણગ્યો બોલ્યો.

ઈ તે ધુવાહે, ઈની વખત ઈપેર, ઉપતાળ કાંથા કાડવા. ધુળી બોલી.

તું દાપાના વાંકે પિયોર બેઠી. વાણગ્યે કીધુ.

હા શેઠગ્યા, તમે સાંના લો અમારી પરજા જગ જાહેર લે. ધુળી બોલી.

પસ નકકી કરે ઈમાં ફેરફાર થાય. વાણગ્યો બોલ્યો.

ના, આમાં ના થાય. ધુળી બોલી.

દેજ ના અલાય એવાંની જિંદગી આખી કુવારી રે. વાણગ્યો બોલ્યો.

એજ વાત સે સેઠગ્યા. ધુળી બુલતી જાયને શેઠગ્યો પડીકાં વાળતો જાય. લુણ, મરસાં, મસાલાનાં નાનાં નાનાં પડીકાં બાંદીને ધુળીને હુપ્યાં, નાકાવાળી થેલી પોહતી કરી મેલ્યાં ને સાલવા કરે તાં, ધુળી કઈ લેવાનું રેતું નથી ને ? કહી શેઠગયે ઉભી રાખી.

એ રઈગ્યું વે તો સાલહે, હમુ તે સલાડવા ટેવાયલાં, કુઈ વગર ના સાલે ઈવું નથી, મસાલો ના હોય ને લુણ મરસ મળેત બસ. અરે લુણ ને મરસાની સટણી પુણ સાલે, હાઈ લાઈ થોડી કરવાની. ધુળી બોલી.

ધુળી, તું તે ધણી વગર સાલે ઈવી વાત કરે. વાણગ્યો બોલ્યો.

શેઠગ્યા, તું મારા ધણીનું નામ વસમાં કેમ લાવે? ઈના હાતી મારું જુડું થાયું તી ઈના વગર છુટકો છે. ધણી વગર ઘેર ના ખલે. ધણી ધણીયાણીની હાજરી હોય ઈ ઘેર રુડું રૂપાળું કેવાય. ધુળી બોલી.

તને તારો ધણી વાલો થઈ પડયો લાગે,રાત દાડો ઈ યાદ આવે છે કે વાણગ્યો બોલ્યો.

પુતેનું મનખ બદાંન વાલું લાગે, ઈ યાદ આવેજને, ઈની હાતે મન લાગ્યું ધુળી બોલી.

કારે આવહે તેડવા. વાણગ્યે કીધુ

ઈની વખત ઈપેર. ધુળીએ જવાબ આલ્યો.

તને જવાનું નથી થાતું. વાણગ્યે સવાલ કર્યો.

થાય પુણ લુકથી બંદાયલી સે. ધુળીએ જવાબ આલ્યો.

વાણગ્યો કુરટમાં વકીલ પુછે ઈમ પુછે ને ધુળી જવાબ આલે, લુક વેપાર કરવા આયાં તી હાંભળે, ધુળીની આંખમાંથી પાણી દદડી પડયું, ઉડણીનો સેડો લીને આંખ લુછી પુણ ઉબરો આવે ઈમ વાહે લગું પાસું આયું. સાલવા કરે તાં લુકમાંથી કુઈક બોલ્યું.

બસ્યારીનું મન તે સે પુણ હલવાઈ ગઈ, લુકનો કે ગામનો નિયા લુકાં ને કાં હારી રીતે જીવા દે.

કઈ બુલ્યા સાલ્યા વગર હાથમાં થેલી ટાંગી સાલી, મનમાં કયો વસ્યાર ઈતે ઈજ જાણે પણ ઈની ચાલ કઈ દેતી તી કે ધુળી નક્કી ઘુમરાઈ સે, ઘેર આવી ખૂંટી ઈપેર કૂથળી ટાંગી બેડું લી ન પાણી ભરવા ઉપડી, ધણી મનમાં સડીગ્યો, બીજું કઈ યાદ કોન આવતું. ગણી ગણીને દાડા કાડતી તાં વાણગ્યે ઉખેળી આલ્યું ને વદાર દઃખી થાઈ.

આખો દાડો ઈના વસ્યારમાં રી ને રાતે આયું હમણું. ઈ તે હમણામાં ધણી હાતે ગેલ કરે, એકબીજાન બાથ ભરે. ખાટલામાં બથાબથી કરે મુટા મુટા હાહ લે. એકબીજાનાં ડાસાં હામહામાં રગડે. લળપ દઈને એકબીજા હામે જીભ કાડે ને ભેગી કરી એકબીજાને બચી કરે, સાંદીણી રાતે સીતરાં કાડીને ફગેટ દીદાં, ગુદડી ઉડવા રાખી તી પટવાટી કાડી, કંઈ કળા કરે, પોગમાં ગુદડી આવી તીને પટવાટવા ગઈ ને હમણું તૂટયું, આસ્તે આસ્તે નીંદર ઉડીને ભાળેત બે હાથે ખાટલાના પાયાના માથાને બથાવે તી ખબર પડી ગઈ. પાયાને ચાટી પલાળી દીધો તી નોદ કરીને ભાળે, ધીરેક રઈને ઉબી થાઈને ખાટલાના પાયાને લાત લગાવી પાછી ખાટલામાં પડી પુણ નીંદર કોન આવી, વસ્યારે સડી હુ ગાંડી થઈ સે, પળેપળ ઈ યાદ આયાં કરે નજર હામેથી હટતો નથી, પારકા જીવને પોતાનો માન્યો, ઈ મારો ધણી, ઘણી વગર હું અધુરી, ધણી વગર ખાવુ પીવુ હરામ સે, કર્યુ કારવ્યુ કરનાર જાણે ઈને હમારુ જુડું ગુઠવ્યુ, ઈની મરજી વગર પાંદડું ના હાલે, ગમે તેમ પણ મને મારો ધણીવાલો.

ધુળીનો બા અમલનાં સોડાંનો અમલી, ખાધા વગર સાલે અમલનાં સોડાં વગર ના સાલે. સોડાં ઉકાળીને પીવે તર જીવ હેઠો બેહે. ધુળી ઈના બાની આંગળી હાઈને વાણગ્યાની દોકાંન સડેલી, ઉદારી કરીન મુટી થાઈ. ધુળીને જુવાંની ફુટે તેમ તેમ વાણગ્યાન વસ્યાર ફુટે. ધુળીનો બા વાણગ્યાનતાં ગુણો ફેરવે, ઈના વાહાનો ભાગ રબ્બર થાઈગ્યો, ઉમર ને ખાંસી બે એક હાતે આવ્યાં તી તૂટેલી મડાખાટમાં પડયો પડયો ખખારો કર્યા કરે. થુડો દમ સાલે. મજૂરી કરીને જિંદગી તૂડી નાંખી. મજૂરી કરનારાંને પેણસન ના મળે દમ મળે. ધુળી પણી ને બીજા વરહે મર્યો.

ધુળીનું આ બીજુ પૈણ સે, પેલ વખત પણી તી ધુળીનો ધણી દેજ આલવામાં કાંજરીગ્યો, જગા ગરીણે મેલી, ઝુટી વેચી. વ્યાજવા રૂપગ્યા કાઢયા પુરા ના થાયા, જાનજોડી પણવાગ્યો તાં ધુળીનાં પિયરયાં દેજ લેવા આડાં થાયાં ને બે દાડા જાનને પાડી રાખી.

દાપું સૂકવો કાં પણ્યા વગર પાસા વળો કે ને અડાઈ કરી, બે પાહેની પંસ મથી દાવાનો વાયદો કર્યો, વાયદા પરમાણે દાવો ના આવતાં ધુળીનાં પિયરિયાંએ ધુળીનાં આંણાં રોકયાં, આથડી થાકીને એનો ધણી ધાડમાં ગ્યો. ખાતર પાડવેની ટરેનિંગ લીદી, એને લાગ્યું કે ખાતર પાડવાથી દિ ના વળે ને ખાતુ ખતરીની ગેંગમાં જુડાયો, ધાડ

પાડવેની જગાની નોંદ થાઈ ગઈ, કામ હુપાઈ ગ્યું. સરકારી કાયદા કરતાં ધાડનો કાયદો કડક. ધાડ પાડવા જાતા પેલ ધુળીને મળવા મન થાયુંને મળવા આયો, વાત વાતમાં ધાડ રમવા જાવેનો વસ્યાર સે, ઈમ ધુળી આગળ બકી ગ્યો, ધુળીએ ના પાડી, મને તેડી જા, મજૂરી કરી દેવું ધોઈ નાંખહું, બે પાંસ વરહ મજૂરી કરી લે હું કહી મનાવ્યો, ધુળીએ ના કીધું તે એને લાગી આયું તી ધુળીને દમદાટી આલે. હકન ઈપેર ના કે સે ત ધાડમાંથી પાસો ફરી તારું નખોડું કાપી આલી. ધુળીએ વાંધો લીધો તોયે ના માન્યો, ધાડ પાડવા ગ્યો તાં કુઈ દલ્લો હાથ સડી જા હે ઈમ જાણી હલુકવા રહયો. ગામમાં વાર પડી, ધાડપાડુઓ ને ગામનું લુક હામહામે થાઈ ગ્યું તાં લગણ હલુકે. કોહડાના એક ઝાટકામાં તીજુરીનાં બે ફાડસાં, પથરા પડે, ગુફણું સુટે, તીરમારો સાલે, ચીચયારી, કીકયારીને આખું ગામ ગાજે ને ગરુડે, પાહેનાં ગામો વારે સડયાં. ધુળીનો ધણી કુહાડો ભમાવતો ઘેર બારતો આયોને ગામનું લુક ઈના ઈપેર ટૂટી પડયું. પાંસ પંદરને લોઈ નીંગળતા કરી દીધા. ઉપરા ઉપરી માથે ને બરડામાં લાકડીના ફટકા પડવાથી નીસાં પડયોને કુટાઈ ગ્યો. ધાડપાડુઓને ખબર પડી તે પાસા ફર્યા ને જોરથી હલ્લો કરી ધુળીના ધણીનું માથું કાપી લોહી નીંગળતું જાયને લઈ નાઠા. દાવાએ ધણીનો જીવ લેદોં ને ધુળીનું જીવતર ધુળમાં પડયું.

બે વરહનાં જીવોનમાં બાળ બચ્ચાંનું સુખ ના મળ્યું. એકનો એક ભાઈ પરણીને વઉ લાયો તી રાટી સાલની નીકળી તે ધુળીના બાપને દાબમાં રાખે. ભાઈ દારૂડિયો તી રોજ હાંજે ભાઈ–ભાભીનું ભાષણ સાલે. કોઈકવાર ધણી મારે તો કોઈ વાર ધણિયાણી. આમ સાલ્યા કરે, ધુળી રંડાઈ કંઈ ખેલ જોયા બાપ મરીગ્યો, ભાઈ–ભાભી જોડે મજૂરી કરી જિંદગી કાડવી કરતાં કોઈ ઠેકાંણે પડવાનું વસ્યાર્યું તાં ધુળો મળ્યો.

ધુળો રાંડેલો, ઈની બાયડીને હુવાવડમાં ઝેર સડી ગ્યું. સુરુ ઉદું આયું ને હુવાવડ કરાવવા વાળી હોંગ્યાંણીએ હાથ મેલ્યો પણ મેળ ના ખાધો ને ગામના પૂંજારાને બોલાયો તેણે ખત્રીની બાદા રાખીને હાથ મેલ્યો. બે દન દુઃખ્યું, ઉટવૈદું કરવામાં સુરું પેટમાં મરી ઝેર થાઈ ગ્યું ને ઈના ઝેરથી ધુળાની બાયડી મરી ગઈ.

બાયડીની પીડા હામળી જિંદગીમાં બીજુ બૈરું ના કરવાનું ધુળે વસન લીદું પુણ મેળામાં ગ્યોન ધુળી મળી. રામઢોલ વગાડતાં એક પોગનો હમસો લીવા ગ્યોન ધુળી નોદમાં આવીને મન ફરી ગ્યું. બે રાંડેલાં સદઃખીયાં ભેળાં થાઈ ગ્યાં, વાહરે કુદરોત તારી હું કરામત સે, તૂડે તે તું ને જુડે તે તું.

ધણી મર્યો ધુળી પિયોર પાછી ફરી. ગામનો ગલો પૂજારો ધુળીને ભાળી કતરાતો તી રાજી થાઈગ્યો, મારા હાથમાં આવી જા હે, કરી મનમાં મલકાય,

રાંડીરાંડ ને બીજાં અગેડ દુઃખી સે ઈમ વતાડે, ધણી વગરની ધુળી એની નોંદમાં રમ્યા કરે.

ગલો પણ્યો ને નવું આણું આયું, હાંજ પડી તોય ભેગાં થયેલાં વાતો કરે. ગલો ખાટલોને ગુદડી લઈ ઘેરમાં ભરાઈ નવી લાડી હમણાં આવે, હમણાં આવે ઈમ રાહ જુવે, ખાટલા ઈપેર ગુદડી વાથરીને હુતો, થુડીવાર હુતો તાં એક પાહે ઈને ખંજવાળ આવીને બીજા પડખે ફર્યો, ખંજવાળ વધી તી પાહાં ફેરવે, ના ટકાયું, આખી ગુદડીમાં આળોટયો, ઈને ખબર પડી ગઈ, ગુદડી ભૂલવાળી સે કરતોકને ગુદડી ઉઠાવી ઘેર બારતી ફગેટ દીધી અને નવલીને બીજી ગુદડીમાં હુવાડી . કુઈ અળવિતરું ઈની ગુદડીમાં કુવસનો ડુડો ઘહીડીગ્યું. નવું આણું આયું તી ગલો ગેલમાં આવીગ્યો પુણ ગુદડી એ એનો ખેલ વગાડી નાંખ્યો ને પેલે આણે ગલો બે હાથે પેટ ખંજુળે તી નવી આવેલી લાડી હટ ખેહગ્યા, મને સોટાડ દેહી કરીને પાછો ધકુલે.

ગલો આમ ફરે તેમ ફરે, ઘેર બારતો જાય, ડીલે રખુડો સુપડે પાસો આવે, કૂતરી પાળેલી તે પાંચ ગલુડિયા વાઈ. ગલે ગોદડી ફેંકી તેમાં નિરાંતે બેઠાં ને આળોટયાં, થોડી થોડી વારે વાઉ, વાઉ કર્યા કરે, ઘરનાં માણહોને આખીરાત ઉજાગરો થાયો. ખેતરમાં રખોડાની ઢગલીઓ વેરાયેલી ભાળી લોક કહે, રાત્રે ઝરખ રખુડો ખાવા આયું તી આખી રાત કૂતરાં ભસ્યાં, લુકની વાત હાંભળીને ગલાની લાડી ગલા હામે આંગળી કરીને, યો રહ્યું ઝરખ, કહી હસી પડી.

સાહેબ, સ્હા પાણી. વસ્તો બોલ્યો.

પાણી લાવો, જમાદારે કહયુ.

ધાર નાખવી પડહે, સાકવાળો તો મઉડાંનો નહકાળો મંગાડું. વસ્તો બોલ્યો.

ના, ના, વાત આગળ ચાલવાદો. જમાદાર બોલ્યો.

મકવાહ કરવા કુકડું હેકવા કઈ દું સાહેબ. વસ્તો બોલ્યો.

■

કલસિંગ ધુળીનો દીયર, ધુળીનો આગલો ધણી મર્યો ઈનો નાનો ભાઈ કલસિંગ એની રંડાયેલી ભાભી ધુળીને હકેલવા તૈયાર. ધુળી કે, દીકરાની જેમ રાખ્યો, મારો જીવ ના સાલે, વગર કીદે તું મારા દાબમાં આવે ઈના કરતાં તું તારે મનગમતે ઠેકાણે પરણી લેર કર, કલસિંગ હઠે ભરાયો, ધુળીની ભાળ કાઢતો ફરે

જંગલમાં લાકડાં વિણવા જતી ધુળીને ઘેરામાં ઘાલી ને ઘીહી. બે પાંસને ધુળીએ આમથી તેમ ફગેટ દીધા પુણ કલસિંગ અડબેટમાં આયો ઈતરે ગડથુલગ્યું ખાઈન પડીને પાંસ જણા ઈની ઈપેર સબદાયા, ખીસી બાંદો રાંડને. પકડા પકડીને દોડા દોડી.

જંગલની વાટે લાકડાં વિણવા જતાં બૈરાને કઈક કાળું થતું લાગ્યું. એકલા બૈરાને આટલા બધા બથાવે, ઈનાને કાળ સડયો તી એક સંપ કરી વારે સડયાં. ઘાઘરા ઉચા ખોહી દાતીડાં ભમાવે, કાળની ચડેલી ફુફાડા મારે, વનવગડામાં રાંડો વિફરી, ધરણી ધુજે, વગડું ગાજે, ડુંગરાંની કરાડો હલબલી ગઈ, ટોળિઓ હામહામી થાઈ, એક બીજાન વાકાં વાળે, આમળે, પાડે, પટવાટે, ગુધા મારે, બથંબથી પડે, કઈ અથડાયાં ને કઈ કુટાયાં કલસિંગની ટુળી હાફી ગઈ, માર ખાઈ ખાઈને અદમુવા થાઈગ્યા, ફેરવી ફેરવીને પાટુઓ એવી લગાવી કે જિંદગીમાં કેટલાંકને પરણવાનું નામ લેતાં પાટુઓ યાદ આવે તો લગન છોડી બાવા બણી જાવેનું મન થાય. જુની કેવત સે ખેતર રાખવું ખાડો, ને બૈરું રાખવું પાડો, ખેતરમાં કામ કરવા બૈરું કહાયલું સાલે. માંદુ પાતળુ ના સાલે. બથંબથી થાઈ, ઉથલાવી ઉથલાવીન ઠુકયા, જનમારેની ખબર પડી ગઈ, બૈરું બદે એમ ના લાગે તો બૈરું કરવું કે ના કરવું ઈમ વસ્યારતા થાઈ ગ્યા.

બથંબથીમાં ધુળી પડી તોય જોર કરે, વાર સડી આવીને ધુળીને જોર સડયું, કલસિંગ હાથમાં આયો તી રુસ્કાં હાદાં ને ઉદો પાડયો. ઉસો કરીન ધુળમાં દકડયો ને સડી બેઠી. જાબડું જમીહાતે ઘહેડયું. કલસિંગ હાથજોડે, માં કું, મેલ દે, બીજી વખત ભૂલ ના કરું, કેટલાંકના રુસ્કાં હાથમાં આયાં તે નિંદાઈગ્યાં, કલસિંગની ટોળી થાકી, એક નાઠો, બીજો નાઠો, ઉબી પુસડી ને જાય નાઠા, કલસિંગ દુમ દબાવીને નાઠો, આજની ઘડીને કાલનો દન ધુળીનું નામ પડતાં ફફડી જાય.

બૈરાંની જીત થાઈ જંગલમાં બેહી ઘણીને ધાકમાં રાખવા કાયદો ઘડયો. પુરૂષ જાત હામે લડતાં ખપી જવું પુણ નમતું ના આલવું એક બીજાની મદદમાં આવવું એવો નિયમ લીધો. રોજ ધણીની ધોલ ઝાપટ ખાતીને ટુંટિયું વાળી હુઈ જાતી તે કાયદાની વાત હાંભળીને ફુફાડા મારે, ધોકો લઈ ધણીને ધમકાવે, પુરુષ જાતને વસ્યાર કરતા કરી દીધા. કામ ધંધા વગર ગામ ગપાટા મારતાને બિડિયુંનાં ઠુંઠા ફુકતા તે સમકના માર્યા કામધંધે વળ્યાને હિસાબ આલતા થાયા, ગામ ગપાટા કે વટ મારતા તે મેણાંના મારથી હતાઈ જાય, અસ્ત્રીઓને હમજાયું કે ધાકથી આદમી જાત ડરે છે એટલે એમણે મજબૂત સંપ કર્યો.

કોઈ પીધેલો હામે મળે તો જગ જાહેર ફટકારે, કોઈ સાડી સુગ્લી કરે તેને ઘેરમાંથી બારતો કાડી પટવાટે.

વાણગ્યો ઉઘરાણી કરવા આયો તી બૈરાં આગળ વટ મારવા ગ્યોને બોચીમાં હાદો તી હેબતાઈ ગ્યો, માંડ છુટ્યો ને ફટફટિયું લઈ નાઠો, ફટફટિયાને વાડમાં કાઢ્યું ને કાંટો વાગ્યો તી હવા નીકળી ગઈ, ફટફટિયું પડતું મેલી પોતડીનો એક છેડો હાથમાં ને ગાંડા પાડાની જેમ જાય નાઠો તી દન થી ઉઘરાણીનું નામ મેલ દીધું.

ધાકથી કેટલાંકને ગભરામણ છુટી જાય, બૈરાંને દબાવી ખાતા તે કામ કરતા થાઈગ્યા, ગામમાં વાંઢાં વટ મારી જીવી ખાતાં તી વસ્યાર કરતાં થાઈ ગ્યાં.

બીજે પણવા જાય તો વદાર દેજ આલવું પડે ને ધુળીને હકેલે તો ઓછામાં પતી જાય, ધુળી રાંડેલી સે કદાચ માની જાય વસ્યારી કલસિંગે ગામનું પંચ મોકલ્યું. વગર ખાટલે ઉભા પોગે ઘરના આંગણા હમોહમ કલસિંગનું પંચ બેઠું, ગામનું લુક તમાસો જુવા આયાં તીનાંય કાંકરી સાળો કર્યો.

કલસિંગ ધુળીને હકેલવાનો પુણ ધુળીની મરજી નથી ઈ વાતનો ગામમાં ભડકો થાયો, ધુળીની મરજી નથી તો ના મરજી ઈપેર પંસ આવ્યું કેમ? ગામનાં બૈરાં કામ ધંધો પડતો મેલી હાથમાં ગીહળી લઈ પંસ હામે વગર તેડયાં હાજર થાયાં.

પસમાં આવેલાં ડુહલાં ભર ઉનાળે વગર દાંતે કટકટી બુલાવે. જુવાંનિયાં વસ્યારે આ સેના કોરું જવાદે એવી નથી તે દિ માંડ છૂટ્યા તે યાદ આવ્યું. એકબીજાના મોઢાંના બદલે માથા હામું ભાળે, તે દિ બૈરાંએ રુસ્કાં નિદી આલ્યાં તી પુરી કળ હજી વળી નથી. અંદર અંદર ગુપસુપ કરવા મંડયાંને વાડનાં સીડાં માંથી સરકીજાવેની નોંદ કરી રાખી.

ધુળી ઘેરમાંથી બારતી આવી ને હાથ લાંબો કરી બદાંન બેહાડયાં, આગેવાનું અગેડ આયાને હામહામી વાતો સાલી. ગામના ગલા પૂજારાને કલસિંગનાં લુકાંએ ફુડયો તી પંસમાં આયો, ગામના પંસ ઈપેર ઈની ધાક. ધુળીને પંસ માં બેહાડી પુછપરછ કરી તાં ધુળીએ ના પાડી.

ધુળી, કેમ તન હમજાતું નથી, તું રાંડી સે, દીયરવટું કરવામાં તને કેમ વાંધો પડે, કહી ગલે ખખડાવી. ટાંકણી પડે તો હમળાય, કુઈ ના બોલ્યું, એક બીજાના મોડા હામું ભાળે.

ગલા કાકા, મુટા ઈતરે માન તે તમને આલવું પડે પુણ કલસિંગ મારી આગેળ બસ્સું, આજકાલનું સુરુ ઈ મારી જુવાંની હું હમજે, મારીને ઈની ઉમરની નોંદ તે તમુ કરો. ઈવો સવાલ ધુળીએ કર્યો.

ઉમરને હું લેવા દેવા, ઘેર હાંદવેની વાત સે. કુઈક ગરીબનો સૂલો ફૂકહી ઈના કરતાં હું કું સે કે તું કલસિંગનું ઘેર માંડી લે. સાલતું આયું સે ને સાલહે, તારી ના સાલે. ગલે કીધું.

ગલા કાકા આપડો તે મત ઈવો સે કે કલસિંગનું ઘેર માંડી મારો ભવ નથી વગાડવો. જનમારો હરકે હરકાંમાં જીવાય, મનખો માણવા હરકે હરકાં જુગ્યે નઈ તો જનમારાની મજા વગડી જાય.

પંસ હામળી રહ્યું, કુઈ બુલ્યું ની, ગલાની બાજી વગડતી લાગી, ઈતરે ઈ ગભરાયો. ગભરાટમાં બુલવા લાગ્યો. ના સાલે ! ગામ બુલે ! પંસ બુલે તી રાખવું પડે નીતે તને બાંદીને હુપવી પડહે ઈના કરતાં હમજી વસ્યારીને રસ્તો કાડ, કહી ગલા પૂજારાએ ધુળીને ધમકાવી.

ગલા કાકા, અસ્ત્રીને બાંદીને હુપવેના દાડા ગ્યા. ગમે ઈતરો ગોળ ઘાલો મન કદી ગળ્યું કોન થાવેનું. મન ના પાડે, મરજી વગર જીવવું બેકાર, જનમારાનો ખેલ છે, ઢીંગલા ઢીંગલીનો ખેલ થોડો છે તી ગમે તેમ ગોઠવી દેવાય. ધુળી બોલી.

ધુળી અતડી રહી એટલે ગલો એલફેલ બોલવા મંડ્યો, પસમાં ગણગણાટ થવા માંડ્યો, બધા હમજી ગ્યાં, ધુળીની મરજી નથી તો એને કેમ ધકેલવી, પણ ગલો કોન માનતો.

ગલાની ઘર ધણિયાણી હાજર, ગલો એને ધાકમાં રાખતો. ઘરમાં કુઈ વખત ધુલધપાટ થતી ત્યારે ગલાથી રીહાઈ ગોદડી ઓઢી હૂઈ જાતી. ગલોપૂજારો આગળ પડતો માણહ, એની ગામમાં ધાક. ગામનાં વડીલોમાં બેહે ને પૂજારાપણું કરે, લોકો દોરા કરાવી જાય.

ગામના અબ્દુલ ઓરા સાથે હાજો કરેલો, દોરો કરાવવા આવનાર ઓરાને તાંથી નારોળ લાવે ને પૂજારાને ધરાવે એજ નારોળ પૂજારો હાંજે ઓરાને હોંપે આમ ભાગીદારીમાં કામ ચાલ્યા કરે.

કુઈ એકલું બૈરું દવા દારૂ કરાબ્વા આવે તેની હાતે કાળું કામ કરવા દમદાટી આલે, ગલો કુઈને ના ગાઠે, ઈની ઘરધણિયાણી ઘણા વખતથી લાગ ખોળતી. ગલાની માર ખાઈખાઈને ટીપાઈ ગઈ તેને એમ થયા કરતું કે કોઈક દાડો ગલાની સોટલી હાવી સે પણ આમ કરવા જાયને ગલો ના ગાઠે તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થાય વસ્યારી દબાઈ જાતી.બદાન વસમાં ઉબીતી તીન કુઈકે હાની કરી, ગલાન દાબવેનો અસલ મુકો સે.

ગલાની ઘરવાળીને હુરાતન સડ્યું. ગલાને ઉબો થાવેનો મોકો ના મળે એમ પટવાટયો. મારી મારીને હાંફી ગઈ, ભેળાં થાયેલાંએ ચિચિયારી પાડી એટલે વધારે હુરાતન સડ્યું. ગલો માતાજીનો ભગત એને એની બૈરીમાં માતાજીનાં દર્શન થાયાં. માર ખાતો જાય ને હાથ જોડી માફી માંગતો જાય. કલાસિંગના મોકલેલા માણહો લાગ

જોઈ જતા રહયા. માર ખાધેલો ગલો ઉહકારા ભરે તેને એની ઘરવાળીએ મલમ લગાડી હુવાડયો.

ગલો ટૂંટિયુવાળી ખાટલીમાં પડયો પડયો કૂહે, રખડતુ કૂતરું આયું એને કોઈ થાંભલો ના મળ્યો ખાટલી ઈપેર પોગ ઉસો કરી ગરીગ્યુ, ગલો ખાટલીમાં બેઠો થાઈગ્યો. ઈ કૂતરા હામો ભાળેને કૂતરું ઈના હામું ભાળે, કોયે કાંઈ ના કર્યું.

માર ખાધેલાઓને ઘરવાળીને હાથે લગાડેલો મલમ તાજો લાગે. ગલાની ઘરધણિયાણીને હમજાયું કે માર ખાવામાં ને મારવામાં મજો પડે, ગલે ગાંઠ વાળી મારકૂટના ધંધામાં ના પડવું તે દિ થી મારકૂટનો ધંધો છોડી દીધો.

ધુળો ધુળીને ગમ્યો, ધુળી ધુળાને ગમી. ધુળો એક પોગ ઉસો કરતો જાયને રામઢોલ વગાડે. ધુળે ધુળી ઈપેર કતરાતી નજર નાખી ઈ ટાઈમે ધુળી ધુળા ઈપેર કતરાઈ, બે ની નજર એક થાઈ. ધુળે હમસો લીધો ને ધુળી હસી પડી, ધુળાને સાળો સડયો તી ઉછળી ઉછળીને રામઢોલ વગાડે. મેળો જામ્યો, હાર બંધ ગોળ કુંડાળામાં પોગ ઉચા કરીને નાચે, કુદે ને તાલ લે. નાની મોટી હારબંધ દુકાનોમાં ફૂદાં ફૂમતાં, પાન, બીડી , બંગડી, જાત જાતનું ખાવાનું, ચકરડી, હીંસલો, મોતનો કૂવો મદારી ખેલવાળા જાં ભાળે તાં મજા. ટોળિઓ ફરે ધક્કામુક્કી, દોડાદોડી એકબીજાને હલેસે લે, સબદાય ધક્કામારે, અથડાય, ગહીડાય, એકબીજાને તાહવે, ધુળો મેળામાં ફરતો થાઈગ્યો. ધુળીની પાછળ ફર્યો ઈતરે ધુળી હમજી ગઈ તી વળીન ધુળાન ભાળે. લાગ જોઈને ધુળી પાહે ગ્યો ને ધુળી હસી, ધુળો હસ્યો, નામ, ઠામ, ગામ, કામ બધું પુછાઈ ગ્યું. એક બીજાનો હાથ હાદોને વસ્યાર થાઈ ગ્યો તી એક ટોળીમાં રમવા કુદી પડયાં.

રમવું છે મારે રમવું છે, મેળે રમવું છે
મેળે રમવું છે રે મારે, મેળે રમવું છે
ગામ પરગામનાં લોકને મારે, મેળે મળવું છે.
મેળામાં મેળ મળી જાય રે મારે, મેળે રમવું છે
ધક ધક ધડકે દલડાં મારે મેળે રમવું છે
ધમ ધમ ધમકે ધરતી મારે મેળે રમવું છે
ડગમગ ડોલે ડુંગરા મારે મેળે રમવું છે
ઘમ ઘમ વાગે ઘુઘરા મારે મેળે રમવું છે
થનગને મારો જીવડો મારે મેળે રમવું છે
લચ લચ લચકે કેડ રે મારે મેળે રમવું છે

ફર ફર ફરું હું ફૂદડી મારે મેળે રમવું છે
પાતળી કેડુની મારી જોડ રેમારે મેળે રમવું છે
જીવડાની જોડે જીવડો મારે મેળે રમવું છે
રંગમાં રંગ ભળી જાય રે મારે મેળે રમવું છે
સાંદા સૂરજની સાક્ષી મારે મેળે રમવું છે
રમવું છે મારે રમવું છે મેળે રમવું છે

ધુળીનો હાથ હાદો ને મેળાની ગીરદીમાં ફર્યા. બંગડી લીધી, પાન ખાધુ, વાતો કરી, જોડા જોડ હીંચકામાં બેઠાં, દબાયાં, ઘહાયાં એક બીજાન પપોળ્યાં આમહામાં સબદાયાં, ફરી ફીરને મેળો પુરો.

ધુળો ધુળી ઓળ ધોળ, ધુળી સાળે સડીને ધુળે હેરી, ધુળીના રૂપમાં ગાંડો થાઈગ્યો, ધુળીએ ધુળામાં જીવ ઘાલ્યોને મેળ ખાઈગ્યો. ધુળો એને ગમ્યો, અક્કલવાળો લાગ્યો, જનમારો જીવવા ધુળામાં જીવ ઘાલ્યો, મનથી સાબુત હતી, ભેળાં બેહી નિમ લીધો, છુટા પડતી વખત હાટમાં મળવેના કોલ કર્યા, એ બે વારે ઘડીએ હાટમાં મળ્યા કરતાં.

ધુળીને ભલે રંડાપો આયો એનું રૂપ ભલભલાને વસ્યારતા કરી દે. ખેતરમાં નિંદવા ગઈ તાં ધુળો મળવા આયો, દાદો કાળગ્યો ને ભાભી સવલી ખેતરને હેડે થાઈને નિકળ્યાં ઈનાંન ભાળીને ઈ તે દપાઈગ્યાં પુણ દાદો કાળગ્યો દપાતાં ભાળીગ્યો તી ભાભી સવલીને વાત કરી. ખેતરમાં નિંદતાં દાદા કાળગ્યે ભાભી સવલીનો હાથ હાદો.

હરક, તારું પાણી દું, ખસકા , ડાયેવારે તન જુવાંની ફૂટે ? ભર બપોરે, જરી લાજતો નથી, હરમ આવે કે કોન ? કેતી ભાભી સવલી હાથ સુડવે.

દાદા કાળગ્યે ભાભી સવલીન મકકીનાં રાડાંમાં ધકુલ દીદી.

માણહના જાતનું જનાવર, કાયાની માયા લાગી તી ભૂખ કોન ભાગતી ? આખે જનમારેની ભૂખ ? ભાભી સવલી બોલી.

દાદો કાળગ્યો ખી ખી કરીન દાત કાડે.

ઘડનારે ધુળીનું રૂપ ઘડયું તે કેવું, વાણગ્યાનતાં ઠીકરાં માંજવા ગઈ તાં વાંણગ્યો નયણાં આલે, કળમીનતાં ડાંગર રુપવા ગઈ તાં કળમી મેર આવીન ઉબો રે, કડગ્યાકામે ગઈ તાં કડગ્યો હમીન હામી રાખે, ધુળીને થાય કે યો સે હું ? તાજુ મનખ ભાળ્યું કે લાળ ટપકાવે ઈ માણહની જાત, માણહ કરતાં જંગલનાં જનાવરાં તાજાં.

મેળામાં ફર્યાને હાટમાં ફરવેનો મજો, ધુળાનો મામો નગજી ધુળીનાં પિયરીયાંને વાત વતાડી હાઈના રુપગ્યા આલ્યાને ધુળો ધુળીનું આણું લાયો. ધુળી ધુળાના પોગેપોગ સાલે, કામમાં ભૂલ પડે તો ધુળાની ધુળ ખંખેરે. ધુળીનું આણું લાયો ને દાવો આલવા વાયદો કર્યો. વાયદા ઈપેર વાયદા આલ્યાને વરહ થાયું. આણું રોકયું ને ધુળી પિયોરમાં બેઠી, ધુળીનો આગલો ધણી ધાડપાડવા ગ્યો તાં મરાયો. ધુળીને થાયું આગલો ગ્યો ધુળાને નથી જવા દેવો નહીંતો લુક સામડાં છુલી ખાહે.

વસ્તાકાકા તમે પાકા વાતોડિયા સો. જમાદાર બોલ્યા.

સાહેબ, હાસી વાત હમળાવવામાં હું વાંધો. વસ્તો બોલ્યો.

ભાંગ બીડી કરીલો. જમાદાર બોલ્યો.

નહકાળો સાકવો સે કે સાઈબ. વસ્તો બોલ્યો.

વાત પુરી થાવા દો. જમાદાર બોલ્યો.

■

ધુળી પિયરિયામાં બેઠી, ગલો પૂજારો ધુળીના રૂપમાં ગાંડો, ધુળી એક વખત રંડાઈ, બીજી વખતના ધણીએ દાવો ના આલ્યો, ગલો વસ્યારે રાંડીનું કુણ રણીધણી, ધુળીને વસ કરવા ધુળીની હરવે ફરવેની જગા ઈપેર મંતરીલા અડદ નાખતો ફરે. ઘણી વખત ધુળીને કામ ધંધે જતાં પસેળ પડે.

કળમીને ત્યાં ડાંગર વાડવેની લાહમાં ગઈ તાં ગલો આયો, ખાધા પછી ગલે ધુળી પાહે પાંણી માગ્યું, પાણીનો ઘડો ઉસો કરી ધુળી ગલાને બે હાથની પોહમાં પાણી રેડે. ધુળી વાંકી વળીને ગલે ધુળીનું રૂપ ભાળ્યું, હાથ પહોળા થાઈગ્યાને પાણી નીચે પડયું, ધુળી હમજી ગઈ. પાણીનો ઘડો મેલી ધુળી કામે લાગી.

ગલો ધુળીની પાહે હરકતો જાય. ધુળીને કે, ધુળી મારે તને બે વાત કરવી સે, તારો જો હાંમળવાનો વસ્યાર હોય તો તું મારે તાં હાંજે જાતરીમાં આવજે, કહી ગલે એને હા ભરાવી.

ધુળી સેતી ગઈ, ગલો કરમનો કાળો સે પુણ ઈને મારે જવાબ આલવો સે, ના જાઉ તો ગલો ઈમ હમજે કે મારાથી ડરી ગઈ વસ્યારી હાંજે ગલાને તાં જાતરી ભરવા ગઈ. લુક ગલાને તાં જાતરી ભરવા આયાં તી લેણસર બેઠાં, ગલો બધાંની ઉપર ધુપ ફેરવે, હાકોટા પાડે મંતર મારે તી કેટલાંક દુઃખીયા ધુણે ને કંઈ કકળાટ કરે, ધુળી નજરે પડતાં ગલે તાબડતુબ કામ પાતાવ્યુંને ધુળીને બોલાવી પાહે બેહાડી.

ધુળી પેલી વખત તું રંડાઈ, બીજી વખતનો ધણી દાવો સૂકવે એમ નથી લાગતું, તારી જિંદગીનું વસ્યાર, મને થાય સે કે તું મારી પાહે આવતી જતી રે તો હું તારું બદું પુરું કરું. કહી ગલો ધુળીના મોડાનો જવાબ હાંમળવા થુડીવાર વાત કરતો થમીગ્યો.

ધુળી સમસમી ગઈ, દીવાના આસા ઈજવાળામાં ગલા હામે ફરીને ઘુરકી તે ગલે હાંભળ્યું, કઈડી નજર નાંખી ઈન થો ગલો હમજીગ્યો ને ધુળીને કે વસ્યારીને જવાબ આલજે.

ધુળી ઉબી થાઈને સાલવા માંડી. એને એમ કે આજે ગલા પાહે આવી સે કઈ ટંટો થાયતો લુક મારા પર સડી બેહે, હું રાંડી રાંડ બીજુ ઘેર કર્યુ તોય ધણી વગર બેઠી. લુક જાણહે આદમી ભૂખી ધુળી ગલાને તાં ગઈ, લુક હાસી વાત માનવા તૈયાર નથી.

જવાબ તમન એક દન ઈવો આલી કે જંદગીભર ઈ યાદ રી જાહે, કહી ધુળીએ સાલતી પકડી.

બુલવામાં કરડાકી તે ગલે પારખી, ગલો ફફડી ગ્યો પુણ દબાઈ જાઉ તે જિંદગી ઉખડી જાય ઈમ વસ્યાર આવતા. હત્તર ઘંટીનો લોટ ખાદો સે ઈતરે તું ગલાને કમ ના હમજતી, ગલો પેટમાં હાથ ઘાલી કાળજું કાડી લે તેમાંનો સે, તું તારે વસ્યારીને જવાબ આલજે. કહી ગલે ધુળી હામે બડાઈ મારી.

ધુળી ગઈ, ગલાને હમજાયું કે ધુળી દાદદે તેમાંની નથી સતાં રૂપ રાગમાં ધુળી માણહ તાજુ સે ઈતરે ઈમ મેલ દેવાય તેવું નથી. આપડે કાં ઉતાવળ સે, કહી ગલો ઠંડો પડયો, પાહેના ગામથી કમળી ને કમળીનો ધણી જાતરી ભરવા આયાં, કમળી સ્યાર સુરાંની આઈ પુણ ડીલ કોન ઓહર્યું, જુવાંન જુધ નવી સવી પણીલી લાગે.

ગલે લગન કર્યાને પાંસ વરહ થાયાં પુણ ઘરમાં વસ્તાર ના થયો. જાતરી ભરવા આવતી કમળીની દવા કરતાં ગલો કમળીમાં કાળો થયો ને થોડા વખતમાં કમળીના ધણીને દમદાટી આલવા મંડયો, કમળીનો ધણી ગભરાયો, ગલો મંતર મારીને મારી નાખહે એમ વસ્યારી ગભરાઈ એણે ઢીલું મેલ્યું ને ગલે કમળીને પડાવી લીદી, ઘરધણિયાંણીએ વાંદો લીધો તો ધોલ ધપાટ કરીને દબાવી દીધી, ગલો બે બૈરાંનો ધણી.

કમળીના ધણીએ દાવો માંગ્યો ને ગલે તરત કોલ આલ્યો. દાવો સૂકવી કમળીનાં દર દાગીનાં હુપે તી લેતા આવવું. એમ ભણાવીને ગલે પસ મોકલ્યું. કોતેડાની ધેડે લીમડાના છાયામાં પસ ભેળાં થાયાં. ગલાનું પસ દાવો આલવા ગ્યું રકઝકના અંતે દાવો સૂકવાયો ને કમળીનાં સ્યાર સોરાં ગલાના પંસને હોપ્યાં.

કમળીનો ધણી પંસની હાજરીમાં દાવો લઈ ગલાથી ગભરાયોને ગામ છોડી ગ્યો, સોરાં કુણ પાળે, ગલાનું પંસ વસ્યારે કે છોરાં રખડી જાય, ગલે દરદાગીનાં હાતે લાવવા કીધું એટલે વાંધો નથી, બંન્ને પંસ સમંત થાઈને ગલાના પંસે કમળીનાં સ્યાર સોરાં હાતે લીધાં. સોરાં અળવિતરાં, સાલતાં સાલતાં એકબીજાની લંગુટી ખેંસે. એક બીજાને ધોલઘપાટ કરે.

પંસ ઘરે આવ્યું ને ગલાને વાત કરી તો ગલાની આંખો ફાટી ગઈ, ગલો છેતરાયો, મનમાંને મનમાં પુતેની જાતને બબડ્યો. થોડી વાર પછી વસ્યાર બદલાયો, કઈ વાંધો ની થનારી થાઈ ગઈ પુણ સુરાંને નથી રાખવા. કહેતો ઉબો થાયો ને અમથો આંટો ફરે.

બદાંથી નાનું સોરું નવું ઘેર ભાળીને ગાંગરે, કમળી ઘેરમાં બેઠી તેણે, આવતું રે, કહી બોલાવ્યું. ગલો કે, ઘેરમાં ના ભરાવા દઉ, કહી ઘેરના બાયણામાં પોળા પોગ કરી ઉબો, એક હાતે આયાં તીનાંન ગલો પાસાં પાડે, ગલાના બે પોગ ની વસમાં માથું દીને સોરાં ઘેરમાં ભરાયાં ને કમળીના ખુળામાં બેઠાં, એક સોરું ગલાને ભાળી, જીતી ગ્યાં, ઈમ બોલ્યું.

ગલો એક દાડો બજારમાં એની ઘરવાળી હારું હાડી લેવાગ્યો ને સેલમાં ભરાઈગ્યો. એક ખરીદે એક મફત, બે ખરીદે બે મફત, સ્યાર ખરીદે સ્યાર મફત. ગલો વસ્યારતો થાઈગ્યો તી એને યાદ આયું, ઈ તે એકના બદલામાં એક મફત આતે એકના બદલામાં સ્યાર, આ કઈ પરકારની દુનિયા સે પગાર હાતે બુનસ મળે ઈમ પેલા રેલવાઈવાળા કીતાતા તેના જેવું. ગલો ગોદડી હંકેલતો થાઈગ્યો.

ગાડરાંમાં ગધેડો હાંડ, ઢમ ઢોલ માંઈ પોલ, ખાલી સણો વાગે ઘણો. ગલો કાવાદાવાનો ખેલાડી. ધુળીને દાવમાં રાખી, એક દાડો જંગલના રસ્તે જાતાં ગલો ધુળીની વાંહે સાલ્યો. ઉબી રઈજા, આજે તને ના છોડું, કહી જંગલમાં હાક છું, હાક છું, કહી ધુળીની હામે મંતર મારે ને પાહમાં પાડવા જાત જાતના ફંદ કરે. ધુળી ગલાને જાંણતી તી, એને ખબર હતી કે ગામનો ગલો નકલી પૂજારો સે, નથી એની પાહે મંતર કે નથી વિધ્યા, ઈ તે લુક ને ઠગ્વેનું કામ કરે, ગલે આડા અવળા ફુફાડા માર્યા, હાથની મુઠી બંદ કરી આહે પાહે ભમાવી ભમાવીને સોડે ને મંતર મારે, જંગલમાં હાકોટા પાડયાને થોડુંક ધુણ્યોય ખરો, આમ કરતાં હાંફીગ્યો તે ધુળીએ ભાળ્યું.

ગલો કળથી કામ કાઢવા ટેવાયેલો મંતરના નામે ભલભલાંને ઢીલાં કરી નાંખેને મનગમતું કામ કરી લે. માતાજીનો ભગત પોતાની પાહે માતા હાજરા હજુર છે કહી લુકને ડરાવે.

ધુળી ગલાની પાહે આવીને ગલો રાજી થાઈગ્યો એને મન ધુળી માંની ખરી વસ્યારી બાથ ભરવા દોડ્યો. ધુળીએ એની જટામાં હાથ ઘાલ્યો, ચોટલો બરોબર પકડ્યો. ગલો મંતર ભણે, ધુળીએ ગોળ ગોળ ફેરવી નીસાં પાડ્યો ને ઉપર સડી બેઠી, રમદુળી નાંખ્યો, વાળ હાઈને ટીમરવાના થડિયા હાતે માથાભેર ભટકાડ્યો તી ગલાને ઉહ થાઈગ્યું. જંગલમાં એકલાં કબાટી રમે. ઉસી થાઈને ગલાની કુખમાં લાત ફટકારીને ગલાને કમકમાં આયાં તે જમી પર બેઠો, બીજી વખતની લાત બૈડામાં ઠોકી ને ઢળેલાને પટવાટ્યો તારુ નખાખોજ જાય બારે દનનો કતરાતિયો, સત્તે બૈરે બીજાં બૈરાં ઈપેર નજર નાંખે, તું તારા મનમાં હમજે સે હું! ધુળીને તું રમકડું માને સે તી તું કે તેમ તારા ખુળામાં પડે.

માર પડ્યો સતાં ધુળીને બાથ ભરવા દોડે, ધુળીએ તાજી તાહવીને હામા જડબાની થાપોલ ઠોકી તી અગેડ નીકળી રેતા બે દાત તેમાંનો એક ફટ દઈને જતો પડ્યો, પાહેના હાલીગ્યા, મોડામાંથી લોઈ પડે તી ગલો થૂંકે. પડેલા દાતને વેણી ગલાએ બુસકોટના ગુંજામાં મેલ્યું, બુલ્યાવગર માર ખાધે રાખ્યો, ધુળીએ મારી મારીને ઢીલો કરી નાખ્યો. કરમના કાળા તારું મ્હો કાળું, કહી ધક્કો માર્યો ને હડસેલી સાલતી પકડી.

એક દન તને મારા પોગમાં ના પાડું તો મારું નામ ગલો નહીં, કહી મનમાં પાકી ગાંઠવાળી ઘેર ઉપડ્યો, દાડા ઈપેર દાડા ગણે ને ધુળીને ઈ યાદ કરે.

થાણાવાળા જમાદારના ઘેર રાતે ખાતર પડ્યું ને બીજે દન આખું ગામ પુલીસ થાણેં ભેગું થાયું. ગલાના મનમાં ધુળી સળવળી, ધુળીનો બદલો ધુળા ઈપેર લેવા વસ્યાર થઈ આયોને શક વગર, મે ધુળાને થાણા પાહેં ભાળ્યો તો, એમ કઈ થાણામાં ધુળાનું નામ લખાવી દીધુ. ધુળો ગામ છોડી મજૂરી કરવા ગ્યો ને ધુળી દાપાના વાંકે પિયરમાં બેઠી.

ગલો માર ખાઈગ્યો પુણ ઈનો ભાર ના ઉતર્યો, ધુળીને પાઠ ભણાવવો સે, ધુળાનું નામ લખાવી ગલો શશિકાંત પાહે પોત્યો, એક બીજાન તાળી આલે ને વાતો કરે. શશિકાંત રાજીથાયો એને ધુળા કરતાં ધુળીમાં રસ. ધુળી હાથમાં આવે એવી ગણતરી કરવા મંડ્યો.

પુલીસને લાગ મળ્યો તી ધુળાને ખોળવા ઉપડ્યા, બે દાડા ભાળ કાડવામાં ગ્યા ને મજૂરી કરતા ધુળાને હાથકડી પેરાવી દોરડાથી બાંધી થાણામાં લાયા. બે હાથે દોરડું બાંધી ઉભો કરી ઘરના મોંભે ટીગાડ્યોને પુલીસવાળા ફરી ફરીને પોગ પર ડીડગ્યા ફટકારે. હુજીને રુંમબુંમ થાઈગ્યો. મારી મારીને કજળાવી નાખ્યો, ગનો ના કબુલ્યો, ધુળો દંડાયો, વગર ગને થાણામાં પુરાયો, વાત વાયરે સડી ગામમાં પોતી. ધુળાનું આખું ગામ પુલીસથાણે ઠલવાયું ને પુલીસ ગભરાઈ, લુકને પાછું વાળવા મથ્યા ઈમાં

હલ્લો થાઈ ગ્યો. કિકિયારીઓ પડે, ગોફણ છૂટે ને ભમાવી ભમાવીને પથરા ઠોકયા તી થાણાવાળા થાણામાં ભરાઈને દપાઈગ્યા. લોકોએ થાણું ઘેર્યું.

ગામમાં ઢોલકું ઠોકાયું ને જોત જોતામાં જે હાથમાં આયું તે લી ને લુક એક ઠેકાંણે ઢગલો થાઈગ્યું, વગર ગને ધુળો થાણામાં પુરાયો ઈમ હામળતામાં તે ગામ આખું લહલહવા માંડયું, કોણ કોનું હાંભળે ને કોઈ કોઈના હાથમાં ના રહ્યાં ને હડી કાડતાં દોડયાં થાણાને લુમાયાં, આહે પાહે અમથાં ડુટ કાઢે ને બબકારી કરે તી નાળી, માર ખાવેનું ને મારવેનુ એનાંન ઝનુન સડીગ્યું તી કાં માર ખાય કે મારે તર ઓહરે. શેરની પુલીસ આવી હવામાં ગુળીબાર કર્યો ને લુક નાઠું. નાહતા તરાડે ને ગોફણોથી પથરા ફેંકે, તીર મારે ઈમાં એકતે ગાડીના ટાયરને વાગ્યું ને હવા ગઈ, પુલીસ બીજી ગાડીમાં માંડ નાઠી, રાજની પુલીસ આવી તે ધુળાને બીજે ઠેકાણે લઈ ગઈ.

ધુળી ઉઘતી રહીને ધુળો પુલીસથાણામાં આવીને ગ્યો. લુકના મોઢે વાત હાંભળી ધુળી વસ્યારમાં પડી, આગલો ધણી દાપાના કારુણે ધાડમાંગ્યોને મરાયો, બીજો ખાતર પાડયું ને હવાયો.

મનોમન ફફડી ગઈ, મનખ હરકા મનખને હરકી રીતે જીવવા ના મળે તો ઈનો મતલબ હું? દાપું.... દાપું.... દાપું....ને દાપું....., ભાડમાં જાય દાપું, ઈવા દાબમાં નથી રેવું, થનાર હશે તે થશે, જોયું જસે, દાપું નથી લેવું કે દેવું, અસ્ત્રીની જાતે વદાર દબાવામાં મજા નથી.

ધુળાની ભાળ કાડવા પુલીસ થાણે દોડી જમાદાર હાતે જીભાજોડી કરી. જમાદાર ફસ્કી ગ્યોને ગામ લોકો પર ઢોળ્યું. ધુળી પાછી ફરી પુણ મન ગુચવાડામાં પડયું. ધુળાને ખાતર પાડવા બીજે કોઈ જગા ના મળી! મારી છાતી હામે ! મારે આખી જિંદગી દઃખમાં દળવી, ના, ના, એણે ચોરી કરી જ કેમ, મને ચોરી ના કરવાનું વસન આલી ફરી ગ્યો ! મારી પાછલી જિંદગીને એ જાણે છે. દગાબાજ માણહ પર મને કદી ભરોહો ના બેહે, મારે એની તપાહ કરવી સે.

પાછા વળતાં જગાનું ઘેર રસ્તામાં પડતું તે જોઈ એને પુછવાનું મન થાયું ને વળી, જગો ધુળીને જાણતો તો. ધુળી કંઈ કરેને ગામમાં આબરૂના ડરે ધુળી પૂછપરછ કરે ઈ પેલાં બકીગ્યો. ધુળી આખું કપટ જાણી ગઈ. બે હાથની મુઠ્ઠીઓ વાળીને ગલાના ઘર હામે ઉધું ઘાલીને દોડી, દોડતાં એકાદ બે ગડથોલિયું ખાધું તોય દોડી.

ગલોને શશિકાંત ખાટલો ઢાળી બારતા બેઠાતા તે ભાળીગ્યા ને દોડી ઘરમાં હંતાયા, ઘેરનું બાયણું બંધ કરી દીધું. કમળીનાં છોરાં બારતાં રમે, તેનાંય બાયણું ઠોકયું પણ ના ઉઘડયું. ધુળીએ બૂમો પાડી છતાં બાયણું ના ઉઘડયું, લુકનું ટોળું ભેળું થાઈ ગ્યું, હમજાવીને ધુળીને પાછી વાળી, જતાં જતાં ધુળીએ ગલાના ઘેરના બાયણા

ઈપેર પાણા ઠોકયા, કમળીનાં સોરાંને મજા પડી તે પાણા લઈ ફર્યાને ઘરનાં નળિયાં ખેરવી નાંખ્યાં, ગલાને શશિકાંતના માથામાં પડયા તોય ના સળવળ્યા.

ટાડું પડતાં પુલીસ તપાહ હારું ધુળાને દોરડાથી બાંધી ખાતરપાડવાની જગા ઈપેર લાવીને ગામ લુક ભેળું થાઈગ્યું. ગામમાં બે ભાગ પડીગ્યા. ધુળીને ખબર પડી તે દોડતી આવી ને ધુળા પાહે આવી ઉબી, આંખમાં લાઈ બળે, કાચોને કાચો ખાઈ જવાની હોય એમ કૈડી નજરે ઈના હામે તાકી રી, ધુળાની આંખો ભરાઈ ગઈ, કુસવાતો ધુળીની હામે બોલ્યો, હું સોર નથી, મે સુરી કરી નથી, મારો કોઈ વાંક ગનો નથી, મને છોડાવો.

ધુળીની હામે કાલાવાલા કર્યા, ધુળી એની હામે, થૂં કરીને થૂંકી, નફ્ફટ, સુરટા, તારી ઘાટડી સસડાવું તારી, જિંદગીમાં નહકાળા સુરટા મળ્યા? કહી દાત કટકટાવે.

વશ્વાસ રાખજે, હું ચોર નથી, વશ્વાસ રાખજે. પુલીસ ધુળાને લઈને પાછી વળી તાં ધુળાએ ધુળીને હાથ લાંબો કરી કહ્યું. ધુળીએ ઉભા રહી જોયા કર્યુંને ગાડી અલોપ.

વસ્તાકાકા ધુળા કરતાં ધુળી જબરી સે. જમાદાર બોલ્યા.

સાહેબ ખાઈ ખાઈને મસરાયેલી, લહક લહક તે સાલે, એવું હજજડ બૈરું કોઈને ના બદે. વસ્તો બોલ્યો.

વસ્તાકાકા તમારામાં ખાવા પિવાનું બધું ચાલે. જમાદાર બોલ્યો.

સાહેબ, અમારે તો સુરાં બૈરાં બધામાં સાલે, કોઈક જ ટળે. વસ્તો બોલ્યો.

■

ધુળાનો મામો નગજી ધુળાને જામની પર લાયો, ધુળો જામની પર છુટો થાયો ઈ જાણ્યુંને ગલો ગભરાયો તી શશિકાંતના આશ્રમમાં દપાયો, ધુળાની વાત હાંભળી ગલાને જમડા જગાડતા થાઈ ગ્યા, લુક તે કેતું તું કે ગલા પૂજારે ધુળાનું નામ ખોટું લખાડયું છે. વાતે વાત સાલી ગામને ખબર પડી.

ગામના વડીલો શશિકાંતને મળીને નિયા કરે તે લુકને ખબર. ગલા પૂજારાને ખેહ થાઈ તી બેઠો બેઠો ખંજવાળ્યા કરે ઈને ભાળી શીશકાંતને કાળ ચડે પણ જાય કાં ! શશિકાંતના આશ્રમમાં નિયા માટે આવતાં જતાં માણહોને ગલો ભાળ્યા કરે.

શશિકાંત કોર્ટમાં બઠો હોય એમ વકીલની અદામાં લોકોનો નિયા કરે. લોકોના ઝઘડા, દાવા, દાપાં, ચોરી લૂંટ જેવા કેસ શશિકાંત ચપટીમાં ઉકેલી આલે એટલે

આજુબાજુનાં ગામેથી આવતાં જતાં લોકો શાકભાજીને ફળની થેલીઓ ભરી લાવે. સેવાનો આશ્રમ એમ કરી કેટલાંક દાન રૂપે થેલીમાં ધાન ભરીને લાવે ને આશ્રમમાં ખાલી કરી જાય. કેટલાંક ન્યાયમાં લોકોને દુઃખ થતું તોય શશિકાંત મોટો માણહ પોતાની પોચ નથી માની લોકો પાછા વળી જતા.

સેવાનો ભેખ પુણ દિલમાં કાળી મેખ, કેટલાંક શશિકાંતને જાણતા સાવવાના જુદા ને વતાડવેના જુદા, કહે કંઈ ને કરે કંઈ, તારું મોઢું ગંધાય એમ વાઘને કોઈ કહેવા જાય ખરું.

થોડા દાડામાં ગલો શશિકાંતની રીતભાત જાણીગ્યો. બેના ધંધા એક હરખા. ગલાના મનમાં વસ્યાર આયો, આખી દનગ્યા આમ કરી ખાય છે કે હું ! ઈ તે ભણેલાં ને અભણ બદાં હરકાં, અભણમાં થુડી ઘણી ખૂડ પણ ભણેલામાં પુરેપુરી, એનાથી હા હા હી થઈગ્યું તે શશિકાંતે ભાળ્યું, ના ભણ્યો ઈ તાજું સે આપડથી શશિકાંત જેવો કારભાર ના થાય, એ રાત દાડાનો કારભારી, વસ્યારતો તાં એને કમળી યાદ આવી ગઈ ને શશિકાંતને કહી ઘેર આંટો મારવા ઉપડયો. ઘેર પાહે આવતાં ભાળી કમળીનાં સોરાંએ ઘરમાં ભરાઈ ટાટલું બંધ કરી દીધું. ઠોકી ઠોકી થાકયો પણ ટાટલું ના ઉઘાડયું ને ટાટલા ની હામે ઉબો. સોરાંએ ટાટલાના કાણામાંથી એને ઉબેલો ભાળ્યો.

ગલો આવ્યો તો હોંશેહોંશે પણ દઃખી થાયો, પાછું વળીને ભાળે તાં ધુળો આવતાં ભળાયો. ટાટલાને લાતો દેવા મંડયો તોય ટાટલું ના ઉઘાડયું તે ના ઉઘાડયું, જામની પર છુટેલો ધુળો ગલાની ખબર લેવા નિકળ્યો.

ધુળો જિંદગીમાં કદી ઝઘડયો નથી. હવે એને ઝઘડવાની ફરજ પડી. વાંકડી મુસાંનો ને ડીલ કહાયલા લોખંડ જેવું. સાલે ફડાકાબંધને લાંબાં લાંબાં ડગલાં ભરતો ધુળો હરગહામે વાતો કરતો આવે તે ગલે ભાળ્યું, ગલો કકળીગ્યો તોય ટાટલું ના ખુલ્યું, બે હાથની મુઠ્ઠી વાળીને નાઠો તે ધુળે ભાળ્યું ને વાવાઝોડાની જેમ ફરી વળ્યો, કાળ કુઈનો રોકયો ના રોકાય, ફળગ્યું ફફડીગ્યું, ધુળાની કાયાને ભાળી કેટલાંક મનોમન જમને ભાળે, કૂતરાં ભસ્યાંને ફળિયું રાડારોળ. મોતને હામે આવતું ભાળી ગલો ગભરાયો તે નાહતો જાયને સીસાતો જાય, કોઈ મદદમાં ના આવ્યું એટલે વધારે ગભરાયો.

ફળિયાનાં કૂતરાં ગલાને ભસ્યાં. કેટલાંકે વિચાર્યું ગલો પૂજારો ધૂણી ધૂણીને ગાંડો થાઈગ્યો. ઘેર જમાઈ હંદાયનીં ને બે બૈરાંવાળો રંડાયનીં, ઘરની કોઈ કડાકૂટ હશે. બે બૈરાં કર્યાને એના ઘેર વારંવાર ધમાલ થાય તે લુકાંને ખબર. ગલાનાં બે બૈારાં જાહેરમાં એકબીજાના સોટલા આમળે તે કોઈ નવાઈ નથી.

ગલો ગેલ કરવાગ્યોન હાથે કરીને હલવાયો, અધુરામાં પુરાં કમળીની હાતે સ્યાર સુરાંની ગલાને લોટરી લાગી, અબ્દુલ ઓરા હાતે ધંધો કરી ખાતો પણ કમળીના સોરાંએ એનો ખેલ વગાડી નાખ્યો. જાતરીમાં નારોળનાં છોતરાંને કોપરાંની રેલમછેલ કરી નાંખે.

અબ્દુલ ઓરાએ કમળીનાં સોરાંને ગોળ ખવાડી લલસાયાં તી નારોળ આવતાંની હાતે ઠુહ કરીને દકડે, ગલાને કંઈ ના મળે, ધંધો તૂટવા મંડયો.

થાણામાં ધુળાનું નામ લખાવતાં લખાવી દીધું પુણ એક દન ધુળો આવહે ઈ વસ્યાર ના કર્યો ને ધુળો આવ્યો, મેઘ સડીને આયો એમ ગડગડે, ધુળાની હડેડાટી સાલે, કિકિયારી પાડે ને ગલો ફફડે, એણે બે બૈરાંનો વારાફરતી માર ખાધેલો એટલે વાંધો ના આવે છતાં નવા મારનો ડર લાગે. એક હાકડી શેરીમાં ગલો ઘેરાઈગ્યો ને ધુળે ઝપદીને ગળચીમાં હાદો. ગલાના ડુળા તણગીગ્યા, ઘુઘળો દબાયો તી ગલાને ઓઅ થાઈગ્યું.

આખું ફળગ્યું દોડયું તી વાગના ડાસામાંથી છુડાવતા વે ઈમ ગલાને છુડાવે પુણ ધુળે પડતો ના મેલ્યો, ખેસા ખેસીમાં ધુળામાં પડયા તાં ધુળે ગલાને રમદુળી નાખ્યો, લોકો પોથાયાં ને માંડ છુટા પાડયા, કમળીનાં સોરાં દોડી આયાં, ગલો આખો ભૂખરાળો થાયો તેને ભાળી સોરાં તાળી પાડે.

પરગામનો માણહ ગામના પૂજારાને દોડાવી દોડાવી મારે એવી ગામમાં વાર ઉડીને લુક દોડી આયાં. ગામ ગોરાંમે સડયું, જગાએ હાક મારીને કેટલાક હથિયાર હાતે કુદી પડયા.

શેરીમાં ધુળાને ઘેર્યો, ધુળાએ બપકારી કરી પોગ ઠુકયો, સ્યારે પાહે લાકડી, ધારગ્યાં જે હાથ આયું તે લી ને દોડયાં તી ધુળાની હામે ભમાવે. ધુળો એના હાથમાંની કડગ્યાળી ડાંગ ભમાવે. એની ડાંગ એક ઘા માં પાણી ના માંગવા દે. ઘેરાયો એટલે ખેલ પાડયા વગર છુટકો નથી. પલાળ્યાં સે તર કતરાવાં તે પડહે, આ પાર કે પેલે પાર, એમ એણે નકકી કરી નાખ્યું. શેરીમાં ફરી ફરીને લાકડીનો ઘાસ્યો રમ્યો ને કિકિયારી પાડે.

પેલા ઘા હારું લલકાર કર્યો પુણ કુઈ પાહે ના આયું, ધુળાનો પેલો ઘા ઝીલવો પડે ઈમ વસ્યારી લુક પાસપુંદાં પડવા મંડયાં. ધુળો હમજી ગ્યો. ઈને સડાવો કર્યો.

ધુળો મોત બણીને આયો, જગા ડોહાએ ધુળાની હામે ધારગ્યું ધરીને ગામનાં લુકને લલકાર્યા. ઘેરી લો ચારે પાહેથી, પર ગામમાં આવી લુકને ડરાવે, ફોડી નાંખો, તોડી નાંખો, કાપીને ફેંકી દો, કહી જગો ફરતો ફરે. જગો ઉછળ્યોને જુવાનિયાં કુદયાં,

સડાવો કરેની કરેતાં, જેની માએ હવાહેર હૂંઠ ખાદુ હોય ઈ હાથ અડાડે, ટુળામાંથી અવાજ આયો.

કમળીનાં સોરાં ધુળાની માર ખાધેલા ગલાને ધૂળ ખંખેરે તેમાંથી એક છોરું, આણે હૂંઠ ખાધી, એવું બોલ્યું.

ગલે હાથ ભમાવી ઝાપટ મારી, સોરું નમીગ્યું ને પાહે ઉભેલા જગાના બોદેડામાં પડી, જગો તળપીન જતો પડયો.

જગા ડોહા તારી માં નું હાચું ધાવણ ધાવ્યો હોય તો અગેડ વદ, બીજી વખતનો અવાજ આયો.

લોક જોઈ રહ્યું. ગલો ઉસો થઈને ભાળે, જગાએ નજર નાંખી, ધુળી બે હાથની મુઠ્ઠીવાળી ઉભી ઉભી ફફડે, એને કાળ ચડયો.

જગા, કાસરાની જેમ ચીરીના નાખું તો મારું નામ ધુળી નઈ

ધુળી નામ પાડતાં ધુળો ઉસો થાયો, ડીલનાં રુવે રુવાં ફફરીગ્યાં, કાન દઈ બરોબર હાંભળ્યું, ધુળીના નામની જણજણાટી કાનમાં ઘણીવાર ફરફરી હજુ ઈ પુરી થાય તાં.

એ હું નગજી, ધોળા દાડે તારા ના બતાવું તો મારુ નામ નગજી નઈ. બીજી પાહેથી બુમ પડી ધુળાનો મામો નગજી લાકડીને એક પોગની આંટી મારી ટેકો લઈ ઉબો, પાંચ પંદર એની પાહે તૈયાર ભાળી લુક ધીરે ધીરે હરકવા મંડયું.

જગા ડોહા, હાંભળી લે...., આજ પછી ગામમાં દાપાં લેવાં કે આલવાં બંદ, દહેજ દાપાં લેવા દેવાનો કુઈ કાયદો નથી, દાપા હારુ આણાં રોકવાનો અધિકાર નથી. હમે અસ્ત્રીઓએ બંગડી પેરી એનો અરથ એવો નથી કે અમારા બાવડામાં જોર નથી. કોઈ ના બોલ્યું, ધીરે ધીરે ગામનાં બૈરાં ધુળીની પાહે ભેળાં થાયા.

હવે પછી ગામમાં કુઈ કન્યાનું દેજ લેવાયું કે દેવાયું તો નક્કી કરવાવાળાની ખેર નથી. કહી ધુળીએ ગામ લોકો હામે પડકાર ફેંકયો.

અસ્ત્રી તો એનાધણીની હાતે ખલે, હું તમારો કાયદો તોડું, તમારાથી થાય તે કરી લો, હું આ સાલી હાહરીમાં, જોઉ છું કોનાંમાં દમ છે તે દાપાની માંગણી કરે.

લુક વિખેરાવા માંડયું, ગામની બાયડિયુંએ હાથ ઉસા કરી હાંકોટા પાડી ગામ ગજવી નાંખ્યું.

દહેજ તારું મ્હોં કાળું

દહેજ તારું મ્હોં ગંધાય

કઈ વાર ઉછળ્યાં ને ચાલ્યાં, ધુળી ધુળાને પોગ હાહરીમાં.

■

સરકારે ધુળાનો કેસ લોક અદાલતના હવાલે કર્યો, કેસ શશિકાંતના હવાલે આવતાં શશિકાંત ગેલમાં આવ્યો ને ગલાને કાબૂમાં રાખ્યો, જમાદારને ત્યાં ખાતર પડયું ને ગલાને દોડાવી દોડાવીને માર્યો ઈ બે કેસનો નિવેડો લાવવા સરકારે શશિકાંતને હોપ્યા. ઝઘડાનો ઉકેલ લાવવા કેસ હાથમાં લઈ શશિકાંતે ધુળા ગલાને દોડતા કર્યા. શશિકાંતની કુરેટમાં હાજર, ગલાના મળતગ્યા ધુળાના વડીલુંની ઠેકડી ઉડાડે. કેસ બરોબર ચાલવા ના દે. બે પક્ષ હામહામી દલીલ કરે, કેસની પતાવટ વગર પાછા ફરે.

શશિકાંત મુદત આલ્યા કરે, સમાધાન હારુ મથ્યા પણ મેળ ના ખાધો. લોક વસ્યારે બે ગામ વચ્ચે આંટી પડી આખરે કપાઈ મરવેના દાડા આવહે.

ધુળાનો મામો નગજી અદાલતમાં આવ્યો તેણે તાગ મેળવ્યો. ધુળાના પક્ષને દાબવા શશિકાંતની ચાલ એને હમજાઈ તી રાજમાં વાત કરી, લોક સમાધાન કરવા મથે પણ શશિકાંતની મરજી નથી, ધુળાને દાબમાં રાખવા, દંડ કરવા, કેસ ને ઉધા પાટે સલાડયો, ગામ પરગામમાં વાત ઉડી ને લુક કેસ હાંમળવા આયાં, મુદત પડી ઈ દને આશ્રમ લુકથી ઉબરાઈ ને લહલહી ગ્યો.

ધુળી પાહે ગલાની જૂની ઘરધણિયાણીએ જગા લીધી, ધુળીને વહેમ પડયો. ગલો ને જગોડોહો શશિકાંત પાહે બેઠા. કમળીનાં સોરાં ફરતાં ફરતાં આશ્રમમાં આવી ચડયાં ને ગલા પાહે બેહવા દોડયાં, ગલે ના કીધું ઈતરે પાહે જઈ ગલાને ડોળા કાઢે ને ચાળા પાડે.

સરકારના માણહું આયા તી બદાંની હામોહામ બેઠા, શશિકાંતને બદા લુક સેવક ગણે, ઘણું માન, ખાદી પેરીને આયો.

રાતનો પેરવેહ નાળો, ગલાની જૂની ઘરવાળી ગલા હાતે આશ્રમમાં જતી તે આશ્રમનો બદો કારભાર જાણે. ટરેનિંગ વાળી કુઈ બેન શશિકાંતના ઉરડામાંથી લગર વગર ટરેનિંગ વાળાંના રૂમમાં ભરાઈ ગઈ ઈ ભાળ્યું. એક દન ગલાની જૂની ઘરવાળી શશિકાંતના ઉરડામાં સફાઈ કરતી તી ને વાહેથી આવી શશિકાંતે બાથમાં લીદી, પાસપુંદી પડી શશિકાંત ને નીસાં પાડયો ને પુતે ઈની ઈપેર પડી, શશિકાંત મથ્યો પુણ દાદ ના દીધી ને પડેલાને પાટુ મારી નાઠી, એ ધુળી પાહે બેઠીને શશિકાંત વસ્યારતો થાઈ ગ્યો.

નગજીએ તો કેસનો નિવેડો લાવવા શશિકાંતને મોડામોડ કહ્યું, ગામો વચ્ચે આંટી પડી એટલે સરકારી ખાતું હાજર, પુલીસ ખાતાને પાકો બંદોબસ્ત હુપાયો.

ગલો શશિકાંતનો ખાસ માણહ ગણાય. જગો ડોહો, ધનજી, તળસી એની પાર્ટીના માણહ. ગામના વડીલ ગણાય ઈતરે કાયદો ઈમના હાથમાં. મન ફાવે ઈમ કાયદો કરે.

શશિકાંતે દખણમાંથી આવી અહીં ગરીબ અભણ લુકમાં સેવા કરવેના કોડ જાગ્યા ને સરકારમાંથી મદદ મેળવી રાતો રાત આશ્રમ ઉબો કર્યો. જાત જાતની તાલીમ સલાડે, જાત ભાતનાં લુક આશ્રમમાં આવે. સેવાને નામે આશ્રમ ધમધમે. ગલો, ધનજી, તળસી, જગોડોહો ઈ બદા ગામના વડીલ શશિકાંતને મદદ કરે ને શશિકાંત એમને મદદ કરે. વડીલુંના વાંકે ગામનું આખું ગૌચર શશિકાંતે આશ્રમના નામે ચડાવ્યું. થોડા વખતમાં દેહ પરદેહમાં આશ્રમની આબરુ વધીને સેવાના નામે શશિકાંતને જાત જાતનાં ઈનામ મળ્યાં. સરકારમાં શશિકાંતનું માન વધ્યું ઈની હાતે ઈનું કામ વધ્યું. લુક શશિકાંતના વખાણ કરે પણ આંહીનું લુક શશિકાંતને જાણે.

ડુંગરા દૂરથી રળિયામણા, કામના કુડા ને નામના રૂડા, અંદર કાળો કોયલો બારતાં ધોળો બગલો, સાવવેના જુદા ને વતાડવેના જુદા. બારથી માણહો બોલાવી આશ્રમ સલાડે ને ગામના આગેવાનુંની મદદ લે. લુક આશ્રમ હટાવવેની વાત કરે પુણ એમનું કંઈ ના સાલે. શશિકાંત સરકારમાં પહોંચેલી માયા, સરકારી માણહને પુલીસ ખાતું શશિકાંતની સેવામાં હાજર તાં લુકને કુણ હાંભળે, અહિંના રાજકારુણને હાથમાં રાખ્યું તે કાંથું નામ લે.

આશ્રમમાં કામ ધંધે જતાં લુક આશ્રમની વાતો કરે. હાંજ પડે ને આશ્રમની તાલીમવાળી બેનો વારા પરમાણે શશિકાંતના પોગ દબાવવા આવે. પોગ દબાવવા આવવુ પડે, ના આવે તો ધમકી મળે ને તાલીમ છોડવી પડે. કુઈ બદનામી મળે તી વધારાની, ગલાની ટોળી એવી કે કોઈ ના ગાંઠે તો ઈને જીવવા ના દે આવું બદું ફરિયાદ વગર ચાલ્યા કરે. ગામના વડીલ શશિકાંતને ભાળી ટેવાયા, ગામની કુંવારીઓને ધાક ધમકીથી પટાવીને લઈ આવે. શશિકાંત અને અહિંના રાજકારણીની ઈમાં ભાગીદારી, કેટલીયે કુંવારીઓ મા બણી ઈમાંની ઘણીખરીનો કુઈ પત્તો ના મળે તોય કઈ ના સાલે. ઉજોડ ગામમાં એરંડો પરધાન.

ધુળી આશ્રમને બરોબર જાણે, કસરો વાળતાં આવડ્યું ત્યારથી આશ્રમમાં સફાઈ કરે ને મુટા ભાગની જિંદગી સફાઈ કરવામાં કાડી, જુવાનિ આવતાં શશિકાંતની નોંદમાં આવીને નજરમાં રાખી, ધુળીને પોગ દબાવવા બુલાવી, ધુળી ના આવી, બીજીવાર, ત્રીજીવાર બુલાવી તોય ના આવી એટલે શશિકાંતે એના મળતિયાને વાત કરી તો તેમને પણ ના પાડી દીદી. ધુળીને ભાળી શશિકાંતને ગલગલિયાં થાય. ધુળી દાદ કોન દેતી. ખંજવાળ આવે ઈમ ધુળીનો વસ્ચાર આયાં કરે.

એક દાડો અહીંના રાજકારણી શશિકાંતને મળવા આયા ઈમાં એક જુણની નજર સફાઈ કરતી ધુળી પર પડી તેણે શશિકાંતને વાત કરી, શશિકાંતે ધુળીને બોલાવી તે હાથમાં બાહડું લઈ આવીને ઉબી. શશિકાંતે વહાલ કર્યુ, હાથ પકડી બે જણની વસમાં બેહાડી, ધુળી ફફડી ગઈ, બે જણા ધુળીને ગલગલિયા કરે, પપુળે ને જાંને તાં હાથ ફેરવે. બાયણાની હાંકોળ મારેલી એટલે ધુળી જાય કાં, નાહવા નોંદ કરે, ધુળીથી ના રહેવાયું ને નાહવા હારું ઉરડામાં આમથી તેમ દોડીને ભડાક કરતી હાંકોળ ખીંસી કાડી, બાયણાંની હાંકોળ ઉઘાડીને એક પોગ બારતો કાડયો, રાજકારણી ધુળીના એક પોગે પુથાયો તોય ધુળીએ એને ઘહેડી કાડયો, હાથમાં બાહડું તે રાજકારણીના માથાંમાં ઠુકયું ને હાથ છુટીગ્યા . ધુળી વાહેડ દોડયો પુણ ધુળી હાથ ના આવી. પોગ સુટા થાયાને નાઠી તે દાડાથી આશ્રમના પગથિયાં સડી નથી.

આશ્રમ લહલહીગ્યો. ગામ પરગામથી ગાડાં ભરાઈ લુક ધુળાનો કેસ હામળવા આયું. રાજા મહારાજાને ત્યાં દરબાર ભરાતા એવું લુકાંએ જાણ્યું તી પરમાણે થાયું. બદાં ગુઠવાયાંને સરકારી માણહો આયા, શશિકાંત એના મળતિયાની ટુળિમાં આવીને બેઠો. ધુળો બધાંની હામે આવી પોગે લાગ્યો ને બેઠો.

ધુળી આજ ફેસલો કરવા તૈયાર થઈને આવી. શશિકાંત ધુળાની ઉલટ તપાહ લેવા મંડયો, સરકારી માણહને ત્યાં ખાતર પાડયું એટલે શિક્ષા ને દંડ બે કરવા પડે કહી ધુળા પર દબાણ લાયો.

થાણાવાળો જમાદાર હાજર તે કંઈ ના બોલ્યો, ધુળો ઘણું મથ્યો તોય શશિકાંત ના ગાઠયો, ધુળો નરમ પડયો એમ જાણી શશિકાંતની ટોળી ગેલમાં આવી ગઈને હસા હસ થાઈ ગ્યું.

ગલો જોરથી હસવા ગ્યોન પડેલા દાંતની પાહેનો દાત પડીગ્યો, કોઈ દેખેના એમ છાનોમાનો દાંત ઉઠાવી એના બુસકોટના ગજવામાં મેલ્યું, હાલતા દાંતને ઘણા દાડા ટકાવી રાખ્યો. ખાવાના હાતે પેટમાં ના ઉતરી જાય એમ કાળજી રાખતો પણ આજ દાતનું આવી બણ્યું. ગલો વસ્યારે હસ્તાં હસ્તાં દાંત ખરી પડે ઈ દનિયાનો અજબ કિસ્સો કેવાય. ગલો પાહે જઈ થૂંકી આયો, કોઈને ખબર ના પડી, મોઢામાં આંગળી ફેરવી બીજો કોઈ હાલતો નથી તેની તપાહ કરી. વાહરે કુદરોત તારી કરામત ! હસતાં હસતાં દાત પડી જાય, એમ મનમાં બબડયો.

ધુળો બધાંની વસમાં ઉબો થાઈ ગ્યો. નિયા કરવો હોય તો હાચે હાચો કરજો..... , કહી શશિકાંત હામે હાથ લાંબો કર્યોને આંગળી વતાડી, ગલો ફફડીગ્યો.

ખોટો નિયા કરહો ને સજા થાહે તો સજા પુરી થાતાં ધુળો હાથમાં ના રે. ધુળો ઉભો થઈને બોલ્યો.

નગજી ઉબો થઈ ધુળા પાહે આયોને હાથે પકડી બેહાડયો કોરટના ન્યાને હાસો માનવો પડે, કહી ટાડો પાડયો .

ન્યાય ખોટો થાય તો નગજી કોઈના બાપનો નથી કહી ધુળાની પાહે બેઠો. ધુળીથી ના રહેવાયું એ શશિકાંત પર તૂટી પડી.

રેટગ્યો કાતતાં આવડીગ્યું ઈતરે તમુ ગાંધીબાપુ બણીગ્યા એમ? ધુળીએ ભડાકો કર્યો.

શશિકાંતે પુલીસને ખડા કર્યાને ધુળીને દબાવવા, ડરાવવા રીતસરનો હુકમ છોડયો એટલે નગજીને દરમ્યાનગીરી કરવી પડી.

કેવાદો કોરટ સે ન્યાય મેળવવાનો બદાંન અધિકાર સે કહી નગજીએ રોકયા

હુતડાં પેરીને તમું ગાંધીબાપુ બણીગ્યા ...! બીજા ગાંધીબાપુ જલ્મે તો પણ તમું કોન હુદરવેના, ધુળી બીજી વખત બુલી.

શશિકાંતથી ના રેવાયું ને ઉબો થાઈગ્યો, ધુળીને બેહાડવા હાથ લાંબો કરી બેહાડે. અદાલતમાં ન્યાય કરવા વાળા અમે બેઠા છે, વર્ષોથી કરતા આયા ને કરીએ છે. તમારે દરમ્યાનગીરી કરવાની જરૂર નથી. મારા વિશે ગમે તેમ બોલશો તો પોલીસ કેસ કરી ને ફીટ કરી દઈશ. કહી શશિકાંતે લુકને શાંત કરી દીધાં, ધુળીને કઈ ના થયું.

રેવાદે, રેવાદે મુટા સમાજ સેવક, ગાંધીના નામે ચરી ખાઓ, ઘરનાંએ દાદ ના દીધી તી આં સેવક થાઈગ્યા, ઈમ વળી ઘરબાર સુડીન સેવક થવાતું હુહેકે, ઘરબાર કુણને કાંથા પેદા થાયા તમુ, લુકને હુદારવાની વાત કરો ઈના કરતાં પુતે પેલા હુદરો, લુકતે બદું જાણે સે પુણ દબાયલું સે, માથાકુટમાં કુણ પડે ની તે કુથળાલી ને સાલ્યા જાવું પડહે.

ધુળીને મુક્કો મળ્યો, ઘણા દાડાની ઈ લાગ ખોળે, શશિકાંતને પાઠ ભણાવવા એને લાગ મળીગ્યો.

નોકરીમાં કાળુ ધુળુ કરી ખાતા તી આં કરવા આયા, નોકરી પુરી થાઈ નીરાંતે બેઠા ખાઓને, જાં ભાળે તાં હું સુસીખાવા નીકળી પડો સે, તમારી ભૂખ હજુ કોન ભાગી. ધુળી પાછી બોલી.

ધુળી બોલતી ગઈ ને લુક તાળી પાડે હા હો થાઈ ગઈ, શશિકાંતની બાજી વગડતી લાગી તાં લુક ગેલમાં આયું, લુક ને ભાળી ધુળીને હૂરાતન ચડયું.

ખોટો નિયા પસંદ નથી. રાજકારુણમાં, અંગુઠા દાબવાવાળા ભણીલાં ગણીલાં અગેડ ભાષણ આલે યો તાં સાલે, બદા હમજે પુણ ભાષણ ઠપકારવાવાળો ના હમજે. ધુળી હજી ઓહરી નથી. સરકારના અમલદારે તી દન ભાષણમાં કીધું હમુ પશું સંવોર્ધન કેન્દ્ર ઉબું કરવેના સે તી વદાર ઉત્પાદન આલતી ઓલાદ પેદા થાહે ઈન થી આવોક વદહે. મારું તે કેવું ઈમ સે કે તમું કાલ ઉઠીન માણહનું સંવોર્ધન કેન્દ્ર ઉબું કરહો, કુઈ જગા ઈપેર ગધેડાનું ખુલહો, ગાંધીનગરમાં પાડાનું સે. અને ઈ બદુ સેરમાં ચાલે અઈ ગામડામાં ના ખલે, તાં બેઠા કાળું ધોળું કરી ખાઓ. ધુળી બોલી.

માણહ અને પશું ને હુદારી હરખાં તે ના બણી જાય ને! હમણાં તે ઈમ હાંભળ્યું છે કે કુત્રમ માણહો પેદા કરવેની વાત કરતા થાયા સે, આત આતરી વહતી વદી તોય કોન થમતા. આખરે તમુ માણહની જાતના સે, માણહ પેદા ના કરે તો બીજું કરે હું ? મુટા સેવક, કામના કુડા ને નામના રૂડા તમારા પાપનો ઘડો એક દન ફૂટવાનો, ધૂળ પડી તમારી જિંદગીમાં. ધુળી લામું બુંલ્યા કરી, કુઈએ ના થમાવી, બુલવાનો મુક્કો મળીગ્યો તી કહર કાડી નાખી.

વસ્તાકાકા, જબરી બાઈ હો, એની હિંમતને દાદ દેવી પડે. જમાદાર બોલ્યો.

સાહેબ ટેકો મળવો જુગ્યે, ટેકો મળતા ભલભલા કાયદા બદલાઈ જાય. વસ્તો બોલ્યો.

વસ્તાકાકા, ગામની સ્ત્રીઓ ધુળીની પડખે હતી એમ તો તમે કહો છો. જમાદાર બોલ્યા.

જમાદાર સાહેબ, ગામે ગામથી ટેકો મળવો જુગ્યે, એક ગામથી કાયદો ના બણે. વસ્તો બોલ્યો.

મથવું પડે, ગામે ગામ ઉભું કરવું પડે. જમાદાર બોલ્યા.

જમાદાર સાહેબ, આ કામ અઘરું સે, આદમી જાત બૈરાંને કાયદો ના ઘડવા દે. વસ્તો બોલ્યો.

પણ વસ્તાકાકા, બધાં ભેળા બેસી કાયદો ઘડે તો. જમાદાર બોલ્યો.

તો પછી આદમી જાતનું આબરું હું ? વસ્તો બોલ્યો.

વસ્તાકાકા, આવો ભેદ હવે નથી. હવે તો સરકાર પણ સ્ત્રીઓ પુરૂષ સમોવડી બને એવા પ્રયત્નો કરે છે. જમાદાર બોલ્યો.

જમાદાર સાહેબ, ઈ સરકારી કાયદો, હમારામાં ના સાલે. વસ્તો બોલ્યો.

■

ધુળો મજૂરી કરવા સેરમાં ગ્યો, થોડા દાડા આડી–અવળી મજૂરી કરીને પોલીસ ખાતાના બગીસામાં મજૂરી કરવા ગુઠવાયો તાં મુટા અમલદારની નજરમાં આયા કરે, અમલદાર હાથે ઓળખાણ થાઈ ગઈ, મજૂરી કરતા ધુળાને બારોબાર પુલીસ લઈ ગઈ. લાંબો વખત થાયો ધુળો કામ પર ના આયો, એક દાડો સાહેબના કાને ધુળે ખાતર પાડયું એવી ઉડતી વાત આવી, પેલાં તો સાહેબને થાયું પાડયું હશે પણ લામું વસ્યારતાં હમજાયું, હું ધુળાને બરાબર જાણું, ધુળો કદી ખાતર ના પાડે.

મોટા અમલદારે ધુળાનો કેસ લઈ થાણાવાળા જમાદારને બોલાવ્યા ને તપાહ કરી તો ખાતર પડયું તી દાડે ધુળો સાહેબોની મિટિંગમાં સરભરા કરતો તો, પાછલી રાતે મિટિંગ પુરી થાઈ ને અમલદારનો બગલથેલો સાહેબના બંગલે લાવ્યો. અમલદારને કેસમાં કંઈક કાળું લાગ્યું ને ઉલટ તપાહ કરાવી.

જૂના જમાદારની બદલી થતાં નવા જમાદારે કેસ હાથમાં લીધો, ધુળાને દોરડાથી બાંધી લાયા ને અમલદાર હામે હાજર કર્યો, ધુળો અમલદારના પોગમાં આળોટીગ્યોને રોયો, જોરથી ઠુંઠવો કાઢયો ને આખી ઓફિસ ધુળાને જોવા ફરી વળી.

અમલદારે કેસની તપાહ કરી પરત કર્યો, જમાદાર જોડે ખાનગીમાં વાત કરતાં ધુળાને વેમ પડયો એટલે ધુળો વધારે ગભરાયો, ખાતરનો ગુનો મોટા અમલદારનું કારસ્તાન તો નથી ને, એ વસ્યારમાં પડયો, એવું કોઈ કારુણ ઉભું થયું નથી કે મોટા અમલદારને ખોટું લાગે એવું કામ કર્યું નથી.

હું તો મજૂરી કરું, મારે અમલદારી સાથે કંઈ લેવા દેવા નથી, અમે મજૂર કેવાયે, મજૂરી હમારી મા ને રોટલો હમારો બા, લુણને મરસાં હમારાં ભાઈબંધ, હમારે વળી રાજ હાતે હું લેવા દેવા, હમને ઈમાં ગમ ના પડે, હમે રાજને નડતા નથી, રાજ હમને કેમ નડે, નાગા ભૂંગા ભૂકરાળા, ભૂલ્યા ભટકયા જમી માતાના ખોળે, હમે કાં મેલ સણાવવેના, નદી કે તળાવમાં ઉગળવાવાળા હમારાથી હોજ ના બણે, ટાપરીની સ્યારે પાહેથી હવા આવે ઈ ગમે, પંખો હમારા નસીબમાં કાંથો, રાજકારુણમાં હમું પડતા નથી રાજકારણિયું બેળે બેળે હમને પાડે, સરકારી યુજના સરકારના અમલદાર ને કારભારીઓ ખાઈ જાય. હમે તો મજૂર પેદા થાયા ને મજૂર રેવાના.

ઈના દેહમાં સરકારી યુજના સાલહે તાં હદી હમે મજૂર રેવાના, હમુને મજૂર રાખવેનું સરકારને ફાવીગ્યું સે, હમારા નામે તો પરધાનું ને અમલદાર ફાવી જાય સે. ગરીબુની યુજનાને નામે ઈનાંને લીલા લેર સે. વધ્યું ઘટયું નાનાં કારુણિયાના હાથમાં આવતાં રૂપિયામાંથી પાવલી હાથમાં આવે ને કોઈ વખત કાગળગ્યામાં કામ પુરું કરી દે. લાંમા વસ્યારમાં હતો ને જમાદારે આવી ગાડીમાં બેહવા હાની કરી ને બેઠો,

થાણામાં લાવી દોરડું છોડી જવા દીધો, ગલાનો કેસ શશિકાંતની કોરેટમાં હતો તે ફરી જમાદારે તપાહમાં લીધો ને આખું ગામ પુલીસ થાણે જમા થાયું, ધુળો વારંટ હાતે હાજર થાયો. ગલાને ગભરામણ થાઈ ગઈ તે પેશાબના બાને થાણામાંથી નીકળી પાહેના કુટરમાં ભરાઈને હંતાઈગ્યો. થાણામાં નામ પુકાર્યુ પુણ ગલો હાજર ના થાયો, લુક ખોળવા પડયું, કમળીના સોરાંએ ગલાને હંતાતાં ભાળ્યો તેમણે આગળ થઈ ગલાના હંતાવાની જગા ઈપેર લુકને લાયાં, એક સોરું દોડીને કુટરમાં ભરાયું તેણે ગલાને ભાળ્યો આ રહયો કહીને બૂમ પાડી, ડંડો લઈ જમાદાર કુટરમાં ભરાયો, ગલાને હાથે પકડી ઉભો કર્યો ને ડંડાવાળી કરી, ગામના વડીલ દોડયા ને જમાદારના હાથમાંથી ગલાને છોડાવ્યો.

થાણામાં જવાબ લેતાં ગલો પોપટની જેમ બકવા માંડયો, ગલાને બકતો ભાળી ધુળાને તો ગલાની ગળચી પકડી ચગળી નાખવાનું મન થાય, ધુળી ઘણા દાડાની ધુળા ઈપેર કતરાતી તે હાંમળીરી, ગલો બોલે તેમ તેમ ધુળા માટે એને વાલ થવા મંડયું, થાણામા લુકને ખબર પડી ગઈ, ગલાનું કારસ્તાન ને ધુળો વગર લેવે દેવે દંડાયો, જમાદારે જવાની રજા આલી તોય ગલો લુક મારી નાખહે એમ કરી થાણામાંથી બારતો ના આયો, ગભરામણનો માર્યો એણે પુલીસનું રક્ષણ માંગ્યું. બે પુલીસ ગલાને લઈ શશિકાંતના આશ્રમમાં બંદોબસ્ત હાતે ગઈ.

પુલીસ રક્ષણ માંગ્યું તે પેશાબ પાણી જતી વખતે હાજરના હાજર ને જરાય છૂટો ના પડવા દે, ગલાના હાલ વગડીગ્યા. એક દાડો રાતે એને ધુળો હમણામાં આયો, ઈ તે બંદોબસ્તવાળા પુલીસને ઉનકાળીને નાઠો ને આગળ પાણી ભરેલા હોજમાં પડયો, રાતે ધમાકો થાતાં આશ્રમ જાગી ગ્યું ને દોડયું, શશિકાંતે હોજમાં પડેલા ગલાને આપઘાત કરે માની બે ચાર ધોલ ઠોકી દીધી. ગલાને તમર આવી ગ્યાં, બંદુબસના પુલીસવાળા દોડીને આયા તીનાય પાણીમાં ઝખુળ્યો પછી બારતો કાડયો.

શશિકાંત ગલાને આશ્રમમાંથી કાડે તો એનો ભાંડો ફૂટે હાતે લગો રાજકારણી વગોવાય. અરે રાજકારણી તે ગલાનું જાણ્યું ત્યારથી પાળબાંધીને બેઠો, લાગ આયે શશિકાંતને ગુલાંટ ખવાડે ઈ પરમાણે તૈયારી રાખી, શશિકાંતે એનાં કારસ્તાનો ઢાંકવા રાજકારણીઓને જવાબદાર ગણાવવા હામી સાતીએ તૈયારી રાખી, એક બીજાન પાડવાના ખેલ શરૂ થાઈગ્યા.

શશિકાંતના આસરમમાં રાતે ખાનગી મિટિંગ મળી. જગો ડોહો, તળસી, ધનજી અને ગલો હાજર, રાજકારણીને ખાસ બોલાવ્યો. ખાનગી વાતો ઘણી થઈ એમાં અસલ વાત, ધુળો છુટો રહે તો આફત આવે એને કોઈપણ હિસાબે દાબમાં રાખવો. ધુળો માથે ગુનો લઈ લે તો બધી આફત ટળે ઈના હારુ થાણાંમાં લાવી ગુનો

કબુલ કરાવી લેવો, ગુનાની સજા થાય તે ભોગવવી પડે આવું ગામના વડીલોએ ભાર દઈ કહેવું, ગામ પર આફત આવે એમ કહી પહેલાં હમજાવવું, ના માને તો ધાકથી દબાવવો, ધાક થી ના માને તો ખોખરો કરાવીને કબુલાવવું.

આગેવાનોએ જમાદાર ને વાત કરી, જમાદારે આનાકાની કરી તો શશિકાંતે દરમ્યાનગીરી કરી, જાત જાતનાં જમાદાર પર દબાણ આવતાં જમાદારે ધુળાને થાણામાં બોલાવ્યો, ગામના આગેવાનોનાં કહયા પરમાણે જમાદારે કબુલાત લખી ને આગેવાનોના અંગુઠા કાગળમાં દબાવી પાકું કરી રાખ્યું, ધુળાને બોલાવી આડી અવળી વાત કરી ધુળાના ડાબા હાથનો અંગૂઠો ગુનાની કબૂલાત લખી એ કાગળમાં દબાવી લીધો. નાનો હતો ને નિહાળે જવાનો વસ્યાર કર્યો તી કામ ના લાગ્યું નહીં તો જમાદારનો લખેલ કાગળ વાંચીગ્યો હોત.

અંગૂઠો પાડતા ધુળાને ભાળી વડીલો રાજી થાયા, એમણે તો ધુળાને નાની મોટી સજા કાપી આવવા દબાણ કર્યુ, અરે કેટલાકે તો કહયું, તું સજા ના ભોગવે તો ગામ તારી પાહે ધુળીનું દાપું લેહે, તું સજા ભોગવ કાં દાપું આલ, ધુળો વાયડો થાયો. ના મારે કયા ગનાની સજા ભોગવવી આમહામી બોલાચાલી થઈ, જમાદાર કડક પડયા, ઝપાઝપી થાઈ ગઈ, પકડીને ધુળાને થાણાની કોટડીમાં પુર્યો, વાત વાયરે સડી આખું ગામ જાગ્યું તેવું થાણા હામે હડી કાડે, ધુળો ગનેગાર નથી ને કેમ પૂર્યો, થાણામાં ન્યા નથી મળતો એ ગામ લોકો જાણે સે.

થાણામાં દલાલગ્યા, મળતગ્યા સુસીખાવાવાળા કામ કરી જાય, ધુળાના કેસમાં પણ એ જ થાયું, લોકોએ થાણા પર હલ્લો કરી દીધો, ગોફણ ભમાવીને ગોળીઓ છોડી તે ભાળી વડીલો ભડકયાને રાજમાં ખબર કરી, રાજની પુલીસ આવી, આમહામી તડાફડી, કંઈક ઘવાયાં ને લોહી ટપકયું, લુક પાસું ના પડયું. ફાયરીંગ કરવેના ઓડર સુટયા હવામાં ગોળીબાર થાતાં લુક નાઠું.

રાજની પુલીસ વસ્યારમાં પડી, ધુળાને કયા ગના માં પુર્યો એની તપાહ કરવા, ધુળોને એનો કેસ લઈ ચાલતી પકડી. થાણાનાં જમાદાર એકલા પડયા તે ગભરાયા ને શશિકાંતના આશ્રમમાં ગલા પાહેં પોલીસ રક્ષણમાં આશરો લીધો. બીજે દાડે પેપરમાં સપાયું ને રાજમાં ડંકો વાગ્યો, પુલીસ થાંણે હલ્લો થાયો તી રાજમાં ખબર પડી ગઈ પુલીસ દોડતી થાઈ ગઈ. પુલીસ ખાતાના મુટા અમલદારને ખબર પડતાં તાત્કાલીક જમાદારને હુકમ કર્યા ને રાજની પુલીસની ખબર લઈ નાંખી. જમાદાર મારતે ઘુડે અમલદાર પાહેં પહોંત્યો ને કબુલાતના કાગળગ્યા હામાં ધાર્યા તી અમલદારે ફેંકી આલ્યાં. કબુલાત કરી ઈ કાગળગ્યામાં અંગૂઠા દાબવાવાળાને હાજર કરો કહયું ને જમાદારને પરત કર્યો. રાજની પુલીસમાં હુકમ છુટતાં અંગૂઠા દાબવાવાળા ને લી ગઈ. શશિકાંત ને રાજકારણીનું કાગળગ્યામાં નામ નથી જાણ્યું ને ગામના આગેવાનો

વસ્યારમાં પડયા, તારા કારણે આ થયું કહી ગલાની ધોલધપાટ કરી, મોટા અમલદાર હામે હાજર થતાં કેટલાંકને ટાઢ ચડી ગઈ, અમલદારપૂછે ઈ પેલાં તો ફટાફટ જવાબ દેવા મંડયા, ગામમાં સાંઠગાંઠ કરતીને લોકોને લૂટીખાતી ટુળીનું આ કારસ્તાન છે ઈ ખબર પડી ને આખી ટુળી જેલને હવાલે.

શશિકાંત અને રાજકારણીની રીતભાત જાણીને અમલદારે ધરપકડનાં વોરંટ છોડયાં, પુલીસ વોરંટ બજાવવા આવે ઈ પેલ ધુળીને આગળ કરી ગામનું લુક શશિકાંતના આશ્રમમાં ભરાયું તી જે હાથમાં આયું તી તોડીફોડીને નવરું, લેંઘાને મોટા મોટા ઝબ્બા વાળા ઉજળા બગ લુક ની સેવા હારું આશ્રમમાં આયા તે અડધી રાત્રે બે હાથની મુઠ્ઠી વાળી નાઠા, બીજી વખત આશ્રમમાં એમણે પગ નથી મેલ્યો. આશ્રમ ઈપેર તવાઈ આવી ને તપાહ ઈપેર તપાહ સાલી, એમ કેવાય સે કે મુટા ભાગની કામગીરી કાગળગ્યા ઈપેર સાલી ને લુકને લૂટ્યા તે લૂટ્યાને સરકારને પણ લૂટી ખાઈગ્યા. આને કેવાય ધોળા ઠગ.

■

ધુળો જેલમાં ને ધુળી ઘેર, શશિકાંતના આસરમમાં પુલીસ આવીને ધુળાને લઈ ગઈ, ધુળી નગજીના હવાલે, કોર્ટમાં કેસ સાલે તી દાડે નગજી હાથે ધુળી કોર્ટમાં આવે ને ઘડી બે ઘડી ધુળા પાહે આવી વાત કરી લે, ખાતર પાડવાનો ને ગલાને માર મારવાનો આમ બે કેસ ધુળાના નામે. ગલાને માર માર્યો એ કબુલ પણ ખાતર પાડવાનું કબુલ ના થયું ને કેસ લંબાયા કરે. વકીલો હામ હામે બોલીને મુદત પાડયા કરે. શશિકાંત સરકાર પક્ષે રહીને ફરિયાદી બણ્યો તે મુદતને દાડે આવી હુંકારો ભરી જાય, ગલાને માર માર્યો એની સાક્ષીમાં શશિકાંત, તળસી, જગોડોહોને રાજકારણી હતા પણ રાજકારણીનો પત્તો નથી એટલે આ ત્રણ જણ સાક્ષી ભરવા આવે એમાં ગલાને માર મારવા બદલ ધુળાને સજા થઈ ને જેલામાં જવું પડયું. જેલમાં નગજીનો સાળો ધનજી ધુળાને ઓળખીગ્યો, ધનજી કુકડી(મરઘી)ના ઝઘડામાં મારકૂટ થાઈ ને જેલમાં પુરાયો. ગામના અમરાની કુકડી કોઈ શિયાળવું કે બીજુ કોઈ લઈગ્યુંને ધનજીના માથે પડી, લુક કેવા લાગ્યું કે અમરાની કુકડી ધનજીએ ખાધી, લુકમાં વાત સાલીને તકરારે જોર પકડયું, હામ હામે પંસ બેઠી પણ ધનજી ચોર સાબિત ના થયો. એક દાડો બે જુણ લડાઈ પડયા. હાથો હાથમાંથી બાથો બાથ, લાતોલાત આવ્યા પણ ના ઓહર્યાને કાડયાં હથિયાર, કોણ કોને રોકે. ધનજીએ અમરાના હાથ પર ધારગ્યું માર્યુંને હાથનું કાંડુ ઉડાડ દીધું. ઈ ગનામાં ધનજી જેલ ભોગવે.

એક દાડો કોર્ટમાંથી પાછાવળતાં ધુળીએ શશિકાંતનો ખાદીનો ઝબ્બો હાઈ ને ખેસ્યો, શશિકાંત હામે થાયો તો ધુળી ખડી થઈ ગઈને શશિકાંતનું ગળું હાદુ, લોકોએ માંડ છુટા પાડયા. શશિકાંતે દાવ રાખ્યોને ધુળીનો બદલો લેવા ધુળા હાતે ખેલ ખેલ્યો, જેલવાળાંને ફૂડ્યા, ધુળો જેલમાં પતી જાય તો નિહાર મટે કરીને કેદીઓને ફોયડા તી એક દાડો કૂતરાં લડાય એમ જેલમાં ધુળા પર રીતસર તૂટી પડયા, ઓચિંતાનો હલ્લો થાયો તો પણ ધુળાએ બે પાંચને આમથી તેમ ફગેટ દીધાને કંઈ કેટલાને ગોટલીઓ ખવડાવી. ધનજીને ખબરના પડી એટલે થોડીવાર ઉબો રહીને ભાળ્યા કર્યું, એકલા ધુળા પર આટલા બધા તુટી પડયા એવો ખ્યાલ આવતાં બાંચકાંને ફગેટે એમ એક પછી એકને બોચીમાંથી પકડી ફગેટયા. જેલ સત્તાવાળાને સમુળગું ઓહરીગ્યું પછી ખબર પડી. હુમલો થતાં ધુળો ફફડીગ્યો પણ આ પાર કે પેલી પાર કરી લડી લીધું. જેલ સત્તાવાળાઓએ ધુળાને વધારાની સજા કરી.

કેદીઓના ઝઘડાના સમાચાર સરકારને કાને પડયાને તપાહ થઈ, કેટલાક કેદીઓ ફુટીગ્યા તેમણે શશિકાંતનો હાથ હોવાનું કબુલ્યું. ધુળાનું નામ વારંવાર પોલીસથાણે ને રાજમાં આવ્યું તે પુલીસ ખાતાના મુટા સરકારી અમલદારને ખબર પડીને ફરીને તપાહ હોપાઈ. દર વખતની જેમ કાસું કપાહે માની અમલદારે ધુળાની મુલાકાત ગોઠવીને પુલીસ ખાતુ ખડેદમ તૈયાર. તપાહ થાતાં રાજનાં છાપામાં શશિકાંત ઝળકયો તેણે ગુલાંટ મારીને રાજકારણીને હલવાડયો.

આ વખતે ધુળીથી ના રેવાયું ને પુરા મકસદ સાથે ઘેરમાંથો પોગ બારતો કાઢયો ને શશિકાંતના આશ્રમ હામે દોડી, નગજીને ખ્યાલ આવીગ્યો, ખીંટીથી ધારગ્યું ઉતાર્યું ને ગ્યો ધુળીની વાંહે. નગજીને ભાળી ગામનાં લુક આશ્રમ હામે દોડયા, ધુળી આવે એટલી ખબર પડતાં ગલો ઉછળ્યોને આશ્રમમાંથી નાઠો, ધુળી કઈ પા થી આવે તે આડું અવળું ભાળતો જાયને નાઠો, ધુળી દરવાજે આવી અંદર પોગ મેલે તાં દોડતો આવતો ગલો ભટકાયો, દરવાજાની એક પાહે ગલો પડયો અને બીજી પાંહે ધુળી, એક બીજા હામાં ભાળે, ધુળી શશિકાંતની તપાહમાં એટલે ગલાનો દાવ પછી લેવાનો વસ્યારી એને જવા દીધો. ગલાને એમ કે ધુળી ઉઠીને એક બે લાત લગાવે કે ઝુડ ઝાડ કરી લે પછી ઉઠું, કેમ કે પેલ ઉઠીને ભાગું તો ધુળીના હાથનો માર ના ખવાય. કંઈ વાર પડયો છતાં ધુળીએ હાથ ના ઉપાડયો, ગલો હી હી કરીને હસવા મંડયો, ધુળીને કાળ સડયોને નાહ આંથો નીતે કાસરાની જેમ ચીરીકાડી કેતામાં ગલો નાઠો, ગલો નાઠો, આવો કદી નાઠો નથી. નાહતા નાહતા આશ્રમ હામે વળીને ભાળવાગ્યોન હામે આવતાં લુક હાથે બીજી વારનો ભટકાયોને ગડથોલિયું ખાઈગ્યો. પડયો અને વાગ્યું, કમ કમાં આવીગ્યાં, પડયો પડયો ભાળે, દાવો લઈ છૂટી કરી તે કમળીનો ધણી એની

હામે ભટકાયો, ગલો ઓળખી ગ્યો. ઉભો થઈને લુકને વસમાંથી નાઠો, કમળીનાં સોરાં પાણા લઈને પાછળ પડયાં, ગલો જાણે લુક પાછળ આવે.

ધુળી આશ્રમમાં ફરી વળી શશિકાંત હાથ ના આયો, લુક આયું તે ખોળવા પડયું.

હાળા શીશકા, બારતો નીકળ, દેખ ધુળી આવી ધુળી, ખરી માંનો જણ્યો હોયતો બારો આવી જા. ધુળી બોલી.

ધુળી આશ્રમમાં ઉભી ઉભી શશિકાંતને લલકારે પુણ શશિકાંત ના આયો, થુડી વારમાં પુલીસખાતાના મોટા અમલદાર પુલીસ કાફલા હાતે આશ્રમમાં આયા, ધુળી મોટા અમલદારના પોગમાં પડી ગઈ.

મારા ધણીને છોડાવો સાહેબ, મારો ધણી કોઈ ગનામાં નથી, એણે કોઈ ગનો કર્યો નથી.

ધુળી બોલતી ગઈ કોઈએ ના રોકી, આશ્રમમાં માણહોનો ભરાવો થવા માંડયો, મોટા અમલદારે હાની કરી બેહાડયાં ને ભાષણ ઠોકયું.

તમે માનો છો કે ધુળો ગુનામાં સે, ના એણે કોઈ ગુનો કર્યો નથી પણ એને ગુનેગાર બણાવવામાં આવ્યો સે. આ કાવતરા પાછળ કોનો હાથ સે ને કોણ કોણ સામેલ સે તે બધાને કડકમાં કડક શિક્ષા થાહે.

લુક વસ્યારે ધુળો ગુનેગાર નથી, ધુળે જમાદાર ને ત્યાં ખાતર પાડયું નથી. ગલો ખોટું બોલ્યો ને ધુળો પકડાયો ને ધુળે ગલાને માર્યો એમાં ખોટું કાં થાયું, એક નાની વાત આટલી અગેળ કેમ વદી, વાતમાં નક્કી બીજું કંઈક રંદાય સે, ગામને વારે સડવું પડે ઈ તાજું ના કેવાય, કાં લુકનો મરો થાય કાં સરકારનો.

ધુળો બીજીવારનો દંડાયો, મુટા અમલદારને ખબર પડી તે રાજની પોલીસ હાતે આવી આગેવાનુંન અગેડ કરીને લીગ્યા. શશિકાંતે આના કાની કરી તેને ડીડગ્યો વતાડયો કે તરત ગાડીમાં ગુઠવાઈ ગ્યો.મુટા ટુપાવાળા અગેડ બુલતાં ગલાને ફાળ પડે. અમલદારે ઈનાંની ખબરલઈ નાખી. રાજકારણીનું વારંટ આયું તી પાતાળમાં ઉતરી ગ્યો કે બાવો બણી નાહી ગ્યો. હાથ ના આયો, ગલો રીમાંન્ડનું નામ હાંમળી પેશાબ કરી ગ્યો, મુટા અમલદાર આગળ બકવા માંડયો ને કબૂલ કરતો ગ્યો. ગામને ભડકાવવામાં શશિકાંત અને રાજકારણીનો હાથ છે અમે એમનાથી બંદાયેલા મને રીમાન્ડ ના આલતા કહી કઈ વાર કરગર્યો, અમલદારને ખબર પડી ગઈ, ધુળાની હામે ફરિયાદી બણનાર ગલો તે આ, ગલાનો જમણા હાથનો અંગુઠો ટેબલપર રાખી અમલદારે ઈના પર ડીડગ્યો ફટકાર્યો, ગલોં તળપીને જઈ પડયો, અંગુઠો કજળીગ્યો.

ધુળાને હાજર કરવા હુકમ સુડયો તી ધુળો આવીને ઉબો, કબૂલાતનામામાં અંગૂઠા દબાવવાવાળાના નામ પોકાર્યા ને અગેડ પસેડ લીણસર હાજર થાયા. એક પાહે ધુળો ને બીજી પાહે આખી લેણ.

નામાં પુકારતાં શશિકાંતનો વકીલ જામની લીને દોડયો પુણ મુટા અમલદાર હામે આવવેની હિંમત ના સાલી ને પાસો પડયો, અમલદારના પીએ ને કાગળગ્યું આલ્યું, અમલદારે વકીલ ને ઉબો રાખ્યો, ખોટી જામની લાવે સે તો વકીલનું લાઈસન જતું થાવા દેવું હોયતો જ લાવજો. કહયું, વકીલે કાગળગ્યું ફાડી નાખ્યું ને બે હાથની મુઠ્ઠી વાળીને નાઠો, માથાના આછા આછા વાળ તી ઉબા થાઈગ્યા, કુયણું આવે ને વાહડા નમે ઈમ નમતા ગ્યા,

હુતડુ ખખડે ને વકીલ જાય તી ધબધબ થાતું બદા હામળે. જિંદગીમાં પેલવેલી વકીલાત એને કાઠી પડી.

શશિકાંતને ફાળ પડી, પુણ હતર ઘટીનો લુટ ખાદીલો ઈતરે કાયદો વતાડે,

કોર્ટ કચેરીમાં થતી વકીલાત નામપુરતી એમાં કંઈ દમ નથી, લુક તે જાણે છે, ગનો કરનાર વટથી છૂટે એટલે આવનારા દિવસોમાં વકીલના નામનો કોઈ વિશ્વાસ ના કરે તે વકીલ ખુદ જાણે છે, એક ખરાબ કામ એક હજાર જૂઠ બરાબર છે.

નેમ લેવી ઈ સાલતું આયું સે ને સાલે છે. સાલ્યું આવે છે ને સાલહે. નેમ લેવી એ બીજાની નજરમાં સાબૂત રેવાની કળા છે, એનાથી અગેડ કંઈ નથી, જગતમાં ન્યાય – અન્યાય જેવુ કંઈ છે જ નથી. ન્યાય , અન્યાય , નેમ લેવી , પૂજા કરવી આ બધી માનવની હંબગ વાતો છે. એના નામના હવામાં ગોળીબાર થાય છે ને એના ટેકે હજારો લોક લુટણપટ્ટી સલાડે.

મંદિર, મસ્જીદ, દેવળ,કે ધરમસ્થાનમાં કોઈ હોયતો મનખ જાતનું તાજુ થાય. મનખ મનખ વચ્ચે થતા ભાગલા કે દંગાપરસાદ ઓછો કરે, ગલો, શશિકાંત કે રાજકારણી ને કાબૂમાં રાખે. માનવ ઈતરે માનવ, ઈનાથી મોટો કોઈ ધરમ નથી, ઈવી કેમ કોઈ અકકલ નથી આલતું .

મુટા અમલદારના કારણે ધુળો સુટો થાયો.

■

ધુળી ગઈ ધુળા જોડે, ટાડુ પડતું આયુ ને લુક ભુલવા માંડયું, વખત જાતાં ગામના પંચાતિયા ભેગા થાયા, ધુળી ભલે ગઈ, ગામના રિવાજ ના તૂટે, દાપુ આલવું ને લેવું

પડે ઈ પસનો કાયદો છે,ઘેર ઘેર નિયા ના સાલે, કહી ધુળીના ભાઈને અગેળ કર્યો ને ગ્યા દાપું લેવા, ધુળાના ઘેરના આંગણામાં જમડાની જેમ ઢગલી થાઈ ગ્યા.

ધુળો ધુળી એમની મસ્તીમાં, ઘરનો હમદા લેવા હાટમાં ગ્યાંને પાસાં આવી હકેલે તાં સડાક દેતી લાકડી ટાટલા પર પડી ને ડગુંમગું થાઈગ્યું. ધુળીનો ભાઈ હેંજો, એક માંને પેટે જણ્યાં પુણ બાપ નાળા, ધુળીના બાપે ઉછેર્યો પણ એમના કાબુમાં ના રહયો, ધુળીને તું તારી કરેને દોડાવે એટલે ધુળી એનાથી બે હાથ દૂર. આના ઘરનો ધણી કઈ ગ્યો, દાપું આલદે, કહી આંગણામાં લાકડી ઠોકે, જગો ડોહો, તળસી હાથે આયા, ગલો આવવાનો હતો પણ દાપાનું નામ લેદું ને કમળીએ એના ડાચા પર બે ત્રણ ઠોકી દીધી, અકળાયેલા ગલે કમળીનાં રુસ્કાં હાદાં ને કમળીએ ગલાનાં, એકબીજાન ઉદા પાડી રહયાં. ગલો ભાઈ બાપા કરતો કમળીને કરગર્યો ને છૂટ્યો પણ બીજા દાડે મોડું હુજીને તુમડું. દાપું લેવા ના જવાયું. ધુળા ધુળીએ ટાટલું ઉગાડયું ને ભાળ્યુંતો જંગલનાં વાંદરા ને તળાવના મગોર નીકળી આયા હોય એમ પોત પોતાની રીતમાં બેઠાં. આડાં અવળાં બેઠેલાં ભાળીને એમ થઈ જાય કે, નિયા ના નામે આં ખાલી મોઢું કુટી મારવાનું, ધુળીએ હઠ લેદી, થાય તે કરીલો, દાપું તો ના આલું. એનો ભાઈ આકરો, દાપું તે લેવાનો, મફતમાં દેવાનો કાયદો નથી. ધુળો કંઈ ના બોલ્યો, ધુળી બકતી તી. ગામના આગેવાન તેડાવ્યાને પંસ ભેગી કરી, ગામમાં વાર વાગી ગઈ, દાપાવાળા આયા સે, ગામલોકને થાયું આજે નક્કી કોઈ કુટાઈ કે કપાઈ જાહે, વાતો પર વાતો ગામમાં ફરતી થાઈ, કેટલાંક કાનમાં ને કેટલાંક છડેચોક, ધુળાનું ઘેર ઘેર્યું, કહીને એકબીજાની ટાપસી પુરાવે, કેટલાંક દાપું લેવા આવનારાનાં હથિયાર હાતે ગણતરી કરેં. દાપાવાળા હવારના પોરમાં આવીલાગ્યા, ભાલા ભળકે ને ધારગ્યાં કકલે, કડગ્યાળી ડાંગને ફેરવી ફેરવી કડાં ઠીક કરે, ગોફણના વાંગરા તપાહે, ધારગ્યાં, ભાલડી નિહાણી ધાર કાડે, કઈ કામે લાગી ગ્યાં જાણે આં કારખાનું ખુલ્યું.

જગો ડોહોને તળસી ધુળીના ભાઈ પાહે બેઠા તે એને પાનો સડાવ્યા કરે.

ધુળાના ગામના લુકાંય એક સંપ કરી દાપાવાળાને ઘેર્યા. ગામનાં લુકને થાયું આજે ખરાખરીનો ફેસલો થવાનો છે. સરકાર કે પુલીસના કાયદાનો અમલ આ ગામમાં નથી, લોકો હાચને નમે, લડયાં ઝઘડયાં રાજમાં કે પુલીસ થાણે ગ્યાં નથી ને જવાનાં નથી, સરકાર કરતાં ગામનો નિયા તાજો ને તરત મળે પછી રાજમાં જાવેની કાં વાત, ખૂનનો બદલો ખૂનથી તો કોઈવાર સમજાવટથી થાય, ગુનાની ફરિયાદ સરકારમાં થાય તો લુક પૈસે ટકે તૂટી જાયને કેદ થાય તે નાળી એટલે ગુનાની પતાવટ લુક જે શિક્ષા કે દંડ કરવો હોય તે ગામમાંજ કરે. આજે ઝઘડો ને કાલે ભેળાં, કાળું ગોરું થાય તો ગામનાં લુક ગુનો કરનારને મારીને અધમુવો કરી દે, ગુનો કરનારની

અડધી જિંદગી મારથી તૂટી જાય એટલે ગુનો કરવાનું નામ ના લે. બે ગામ વચ્ચે આંટી પડી. ધુળાના ગામના લુક દાપાવાળા હામે ધારગ્યું ઉસું કરે, ગુફણ ભમાવે, કામઠાં લઈને ફરે તી ભળાય. પસાતિયા મથ્યા પણ વાત કોન બાજતી, ધુળીને મનાવી પણ ના નમી, એકની બે ના થઈ.

પસના કાયદાથી ઈપેર કુઈ કાયદો નથી ? મનખ જાત પેદા કરનારનો કુઈ કાયદો ખરો કે નીં ? પેદા કરીન ઈની ધરતી ઈપેર અમથાં રમતાં મેલ દીધાં, મારે પેદા કરનારને પુસવું સે કે તારાં પેદા કરેલાને દઃખ પડે તે વેળા તું કાં.? ધુળી બોલી.

ઈ ગાંડી વાતો રેવા દે, આ સંસાર સે, સાલ્યા કરે, પસમાંથી કોઈ બોલ્યું.

મને લાગે પેદા કરનારાની ભૂલ થાઈ ગઈ, પાર વગરની વહતી પેદા કરી ઈ પેદા કરનારને નથી ગાઠતી. ધુળી બોલી.

પેદા કરનારે પેદા કર્યા તેવાં પાળે, ભૂખ્યા ઉઠાડે પુણ ભૂખ્યાં ના હુવાડે , ઈની જવાબદારી સે. પસમાંથી કોઈ બોલ્યુ.

લુક કે સે કે દઃખ વેળા હરગમાંથો કુદે, પાણીમાં પેદા થાય, જમી ફાડી બારતો આવે. લવારા કરતી ધુળી બોલી.

ઈ તારા વશની વાત નથી, તું વાત મેલ દે. બીજું કોઈ બોલ્યુ.

મને લાગે મંદિરમાં હુનું રૂપું અન રૂપગ્યા ખાઈને ધાપીગ્યો, ઈ મુટાંનો ધણી નાનાને ના ગણે, સરકારના અધિકારીઓ જેવો લાલસુ સે, ગરીબનો ઈ બેલી નથી. ધુળી હજી ગણગણે.

દાતી નથી કરે, કામ સાલવા દે. પસમાંથી કોઈ બોલ્યુ.

ઈનો કાયદો કે ન્યા જેવાં લાગતુ નથી, હોય તો પસના કાયદાન ઉખાડી ફેક, તને કોણ રોકે. ધુળી બોલી.

ઈ દનિયાંનો ધણી મન પડે ઈમ સાલે, ઈની મરજી. પસમાંથી કોઈ બોલ્યું.

અરે ઈનું સાલે તો સાલતી હવા રૂકી દે, પાણીમાં વાટ પાડે, ડુંગરા ખખુળી નાખે, દરગ્યો વિસુળી કાડે, સાંદો, સુરજ તારાને સાલતા ઉભા રાખી દે, કયાં ગ્યો ઈનો ન્યા ? બુઠી તરવાર થાઈ મ્યાન થાઈગ્યો કે હું ? કાપતો નથી, દઃખીઓની વારે સડતો નથી, દંડને કાયદા બુઠા થાઈગ્યા લાગે. ધુળી બોલી.

બાઈ જાત જાણકાર લાગે. પસમાંથી કોઈ બોલ્યું.

ઈ પેદા કરનારને કંઈ ના કેવાય, પેદા કરી છુટટા, જીવતાં આવડે ઈ જીવે, આટલી મોટી જંજાળ પેદા કરી કાં કાં નોદ રાખે. પસમાંથી કોઈ બોલ્યું.

અમે ગાંડા ઘેલા કેવાયે, અમારી ભૂલ થાય, બુલ્યું સાલ્યુ માફ, જો તું હાજરા હજૂર હોય તો ભૂલ કરે તેને હમજણ અને શાંતિ આલ, રીબાવાથી દિ ના વળે. ધુળી બોલી.

દઃખીયાંના ધણી, તારું રાજ અમર હોય તો તું વારે આવ, સલાડ તારું ખપ્પર, અનીતિ કાપી પાટુ માર, તને કોણ રોકે ? ધુળી બીજીવાર બોલી.

ઈ તે અંતરયામી સે, ઈને પારખવો અઘરો, આ બદી ઈની લીલા સે, હમજુને હમજાય. કોઈ હમજુ માણહ બોલ્યું.

કે વાય સે કે ઘટઘટમાં તું સે, પળેપળ તારી સે, તારા વગર કોઈ જગા ખાલી નથી, દઃખ અને હક(સુખ) પણ તુંજ સે, રાજીખુશીમાં રાખવું અને રીબાવવું ઈ તારો ધંધો સે, મારો કયો વાંક ગનો ? મને કયા ગનાની સજા ? કે તી ધુળી ગળગળી થાઈ ગઈ.

આ બધી વાતોનું પોટલું વાળી એક પાહે મેલો ને દાપાની વાત કરો. દાપાવાળામાંથી કોઈ બોલ્યુ.

ધુળાના મામા નગજીને કોઈએ ખબર આલી તે મારતે ઘોડે આયા, વાડના છીડામાંથો એક પોગ બારતો કાડયો ને જગોડોહો ઓળખીગ્યો, જગાડોહાને મનોમન થાયું. ખેલ ખલાસ.

જગા ડોહા હવે તો લાકડાં ભેળો થવાનો, હું કામ લાકડાં લડાવે. નગજીના બોલ હાંભળી જગોડોહો ફફડીગ્યો.

તારા ગામની બાયડિયુંને રંડાતી ભાળવા બેઠો કે ગામને ઉજાડવા, તમારા પાપે ગામને હું કામ દઃખમાં નાંખે. નગજી બીજીવારનો બોલ્યો.

દાપું લેવાનો રિવાજ છે ને આવ્યા, લડાઈ ઝઘડા માટે નથી આયા, અમારો હું ગનો.

કેમ વળી હું ગનો, કો કે હમીચાર વગરના તમુ, દાપાનો કોલ તે આલવો તો, નગજી ઉકળ્યો,

દાપાવાળાંને હમજાયું તેમણે નગજીને ટાડો પાડયો.

ગામને ખબર નથી ને ધુળીનો ભાઈ, જગોડોહો, તળસી મળીને ગામ લોકને તેડી લાવ્યા પણ ધુળી ધુળાને ખબર ના આલી, દાપાવાળાંને બખર પડતાં ધુળીનો ભાઈ, જગોડોહો ને તળસીને ઉબેટે લેદા. ભૂલ હમજાતાં ધુળીના ભાઈની પાકી ધુલાઈ થાઈ ગઈ.

જગોડોહો ને તળસી સગીબેનોને પરણેલા એમનું હાહરું ધુળાના ગામ પાહે. જગાડોહાની હાહુ લાકડીના ટેકે સાલે ઈ કાને વાત પડતાં ના રેવાયું ને ટક ટક કરતી લાકડી ઠોકતી આવી લાગીને પાહે આવી ઉબી, કાસળીના ગુંજામાંથી છીકણીની ડબલી કાડીને સડાકો માર્યો, નેજવાં હામે હાથ રાખી જગા ડોહાને ઓળખ્યો.

જમાઈ જગા, માથામાં પળગ્યાં આયાં તીયે હવે ગરવા મંડ્યાં પુણ તમુ પાસાનીં પડ્યા, હુ કામ ગામને અડબેટે સડાવો સે. લુકને હક્કે જીવવા દો.

જીવવુ નથી ને જીવવા દેવું નથી, કહી નગજીએ ડોહીને પાનો સડાવ્યો તી ડોહી તપી. નાકમાંથી છીકણી ઉડે ને ફોયણાં ફંગરાવી જગો ડોહો ને તળસીને આડે હાથે લેદા. ધુળા ધુળીએ ડોહીને ટાડી પાડી. દાપાવાળા હમજ્યાને ધુળાના ગામના લોકોને હમજાવી પાછા બોલાયા.

ધુળો દાપાવાળાં હામો ફર્યોને મલકાયો, મેમાન તો કોકને તાં આવે, કહી દાપાવાળાંની વસમાં ઉબો, આયા દાપું લેવા પણ હરમાયાને ધુળીના ભાઈનો વાંક કાડવા મંડ્યા. ધુળીનો ભાઈ કે, મેં તો ઘણી ના પાડી પણ જગો ડોહો ને તળસી માને તો ને, દાપામાંથી એમને લાગ લેવો તો.

મફતનું મળહે કરતાકને દોડ્યા પુણ પાસલો વસ્યાર કરવો તો, તમુ જાહો ઈનો વાંધો નથી, પાછલાંને હુકામ દઃખમાં નાખો. જગાની હાહુ હજુ ઓહરી નથી.

ડોહી જાહેરમાં બોલે તે તળસીથી સહન ના થયું ને ગરમ થાઈ ગ્યો. આ ડોહી મહાણમાં જવાના બદલે આં કાં આવી, ડોહી ના હાંભળે એમ કરી ધીમે બોલ્યો પણ ડોહી હાંભળી ગઈ, લાકડી ખખડાવતી ઉભી થાઈ ગઈ, તું મને મહાણમાં કાડે? તું ને તારું આખું ખુજ જાય મહાણમાં, તે દન પેલા સાહેબની બાયડી સાહેબને કેતીતી તું મહાણમાં હમળાજે, એમ તું હમળાજે. તારી સસડાવું રાબ, તારા નાંમનું બાજડું ઝીલું તારા પજવુણથી ઘેર લેવાઈગ્યું સે તાં હદી, તું જરીક સુટલી હાથમાં આવવા દે પછી તારો ઘાટ ઘડું સે, હાહા હી હી તળસી કાનમાં આંગળાં ઘાલીગ્યો. ધુળી ડોહીને પકડી ઘરમાં લઈ ગઈ. ધુળાએ ભેગાં થયેલાંને હુકમ કર્યોને ઘેરની બાર સૂલા ગોઠવાઈગ્યા, હાંડલાં સડીગ્યાં, મેમાનું હારું સુકા ને દાળ તૈયાર, ખાખરાના પાન મેમાનોને પકડાવ્યા . હારતી ફરે ને હબડાટા ભરાતા જાય, ગામની બાયડિઓને ગાઉ ગાઉ થાઈગ્યું ને ગીત ગાવા સડાવો કર્યો, જુવાંનડિયો તો વેવાઈને નામ પાડી મસ્કા મારે

હુ ભાળુ ને મગનો મસકાવે હાં ... હા ....

હુ ભાળુ ને છગનો મસકાવે હા...હા...

મારી હરમેના રાખે રે ... હા... હા ...

હું ભાળું ન ..... વજીયો મસકાવે હાં ..... હા ....

મારી હરમેના રાખે રે ... હા... હા ...

બીજી પાહેથી બીજો લેહકો નિકળ્યો

સુરા ડાળ પી ડાળ પી ડાળ પી રે સુરા ડાળ પી..... રે.....
તને આવી કાંથી મળે સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે.....
તને વગારીલી કાંથી મળે સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે.....
તું ડીલી આવહી ડીલી સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે.....
તું તાજો માતો થાહી સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે.....
તારી વેવાણીએ વગારી સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે.....
તને, તાજી, તાજી, લાગે સુરા ડાળ પી રે સુરા ડાળ પી રે.....

જગો ડોહોને તળસી જુડા જુડ જમવા બેઠા તાં એમની હાહુ ફરકી, ડોહી હમો હમ આવીને ઉભી, તળસીએ ટોંટ માર્યોને જગા ડોહાને કે, દાળમાં માખ પડી જાહે, ડોહી હમજીગઈ, તળસીના સાંદરા ટાલકામાં લાકડીનો ટકુરો મારવા દોડી પુણ નગજીએ લાકડી હાઈ પાડી, પોગ માંથું ખાહડું કાડીન ઉગામ્યુંને તળસી તળપીન જઈ પડયો, હા હી થાઈ ગઈ, લાજે મર્યા લાજે તી ખાઈને હડક સાલવા મંડયા.

ઈ વાત સે સાહેબ, ધુળા ધુળીની બીજી કોઈ વાત નથી, તમુ વસ્યાર કરો, લુક આખરે લુક ને નડે, દન્યામાં ન્યા જેવુ નથી, ઈના હારુ લુક મથે સે.

વસ્તા કાકા ખરેખર લુક નથી માનતું, બદુ બદલાવવા માંડયું સે, લોકો પર વિશ્વાસ રાખવાના દાડા ગ્યા, માન, મર્યાદા કે લાજ હરમ લુકમાં નથી, એમાં બીચારા નિર્દોષ માર્યા જાય સે. શું કરીએ, પાપડીના ભેળી ઈયોળ બફાઈ જાય, ઈના જેવું સે.

સાહેબ, રુકાઈ જાઓ તો કુકડી કે બુકડો કાપગ્યે. વસ્તો બોલ્યો.

વસ્તાકાકા, તમારી વાતથી ધરાઈ ગ્યો બસ. જમાદાર બોલ્યા.

નહકાળાની સાક લેહો કે, સાહેબ ? વસ્તો બોલ્યો.

વસ્તાકાકા, તમને એમ થાય કે જમાદારે ખોટી વાત કરી પણ સાચું કહું, બીજા બધા ગમે તે કરતા હોય. મે મારી જાતને સાચવી છે. લોકો આગળ અમારું નામ હલકું

એ મને ખબર છે. માણસો બધા સરખા નથી અને એક વાત તમને કહું છું કે, તમારા લોકો દારૂથી જ બરબાદ થતા હોય એમ તમને નથી લાગતું. જમાદાર બોલ્યા.

પણ સાહેબ, હમારાં લુકાંમાં ઈ દરદની દવા સે. અને હા સાહેબ વાપરતાં આવડે તો, નહી તો બરબાદી સે. વસ્તો બોલ્યો.

■

સાહેબ, વાત પુરી નથી થાઈ, તળસીના ઘેર, ઉદરા આમળી અગ્યારેહ પાળે, જગા ડોહાને તાં, હાંડલાં કુસ્તી કરે, તળસીની બાયડી ગામમાં ઉસીનું માંગવા નીકળી તી વાટકામાં થુડો લુટ લાવી તીની રાબ તબડાવીને સુરાંન ટાડાં પાડયાં સે, ઉસીનું માંગી લવાય પુણ પાસુ આલવેનું કાઠું પડે તી બીજી વખત કોણ આલે, બૈરાં મજૂરી કરીને લાવે તી ખાઈ પી ને પડયા રે ને પટલાઈ કરતા ફરે, જગો ડોહો ભાઠી ગાળે તાં મફતગ્યા ભેળા થાય. પુતે ખાડામાં ઉતરે તો કોન વસ્યારતો ને વટ રાખવા બીજાંને મફત ધરો કરે, ધુળીનો ભાઈ હેંજો ઈ ઈનાંમાં ભળીલો.

હેં વસ્તા કાકા, આ હેંજાના ભાવિનું શું? જમાદારે પ્રશ્ન કર્યો.

જમાદાર સાહેબ, હેંજો ઈ તે તમે હમજોસોને ? ધુળીનો બાપો દમલો બાયડી લાયો તી વખતે ધુળીનો ભાઈ દમલાની બાયડીની હાતે આવેલો, ઈ નો બા કુણ તી કુઈને પત્તો નથી, ધુળી જલમીને થુડા વખતમાં દમલાની બાયડી મરી ગઈ.

હેં વસ્તાકાકા, આ હેંજાને કેમ લાવવો પડેલો ? જમાદારે ફરી પ્રશ્ન કર્યો.

જમાદાર સાહેબ, ઘેરનાં કુઠાંમાં મીનકાડાં કુદે, ધાન અને દાત ને વેર, ખાવેનાં ફાંફાં પડે, ટક કાડવી કાઠી તાં બૈરું કાંથુ લાવવું, લાવે તો ઈને હું ખવાડવું, ઈપેરથું દેજ તે આલવું પડે, બૈરું કરવેનું મનમાં ઘણું થાય પુણ કરવું હું? મનમાં પૈણેને મનમાં રંડાય ઈના જેવો ઘાટ, ઈતરે તે એમને આવું જ કુઈ રવડતું ભભડતું મળીજાય ઈમાં જનમારો કાડ નાખે, બીજે ફરીન આવીલું વે તે રાખવું જ પડે, કુરુ કટ કાંથી મળે ઈતરે તે સલાડ લેવું પડે.

વસ્તાકાકા, આ હેજાનું શું?

જમાદાર સાહેબ, કેવતમાં કીદુ સે કે, હેજો હંદાઈગ્યો તો જગ જીતે ને તૂટી ગ્યો તો ધૂળધાણી, ઘેર જમાઈ અને હેંજો પુતેના પોગ ઈપેર ઉભા થાય તી તાજું. ઘેર જમાઈ હંદાયની ને બે બૈરાંવાળો રંડાયની, ઈ કિવોત અમથી નથી પડી. આ ગામના ગલા પૂજારાનું ઘેર વટબંદ સાલતું તું પુણ બીજું બૈરું લાયો ને ખાવા હારુ ટુંગતો થાઈગ્યો, બાયડી લાવી વટભેર દેજ આલદીધું પુણ જન્મારાનો વસ્યાર ના કર્યો. આજે

ટાપરીના કાંગરા ખરવા મંડ્યા છે. નવી બાયડી લાવતાં થુડા વખતમાં જૂની એ પલટી મારી ને મલક બદલી કાં ઉતરી ગઈ પત્તો ના ખાધો. થુડા દાડા પેલ નવીનો ધણી આયો તી ગલો ભાળતો રઈગ્યોને બાયડી હાથે સુરાંને ગેરીગ્યો. આશ્રમવાળો શશિકાંત ગભરાટનો માર્યો ઉડણમાં બેહી પરદેહમાં ઉતરીગ્યો ઈનો આશ્રમ હુનો પડયો તાં સરકારે ઘુડા બાંધ્યા.

વસ્તાકાકા, હમણાં ધુળા ધુળીનું નવું જાણવા મળ્યું તે શું ?

સાહેબ, આટ આટલી સરકારી માથાકૂટ, લોકને રાજમાં પૂર્યાને પાછા છૂટ્યા તે તેવાના તેવા, ધુળીની હાહરીમાથી દાપાવાળા ખાલી હાથે પાછા આયા, ગામ પરગામમાં વાત ઉડી, વાતોનાં ઉમાડગ્યાં ફરતાં થાઈગ્યાં, બે ગામને આંટી પડી તી આમ હામી બુકણી આવે, સરકાર થુડા વખતમાં ટાડી પડી ગઈને લુક જુર કરવા માંડયું. પેલો, નદીની ધેડવાળો આમલો ભળાય એ ગામની હદ ને ડુંગોરની પેલી ભીંતમાં ધુળીનું હાહરું, ગામમાં બાળી મેલવાની ને લૂટવાની બુકણી આવે, ગામના ફૂટેલા તી માયના માય રમે ને કુઈક વખત રાતે ગૂફણાટે તી લુક જાણે હામેના ગામવાળા સડી આવ્યા. એક દન રાતે વાર પડીને બે ગામ નદીની આમહામે આખી રાત તપ્યાં, ઘણો વખત સાલ્યાં કર્યુ,'' ગામનાં મનખ બારગામ જતાં કે બજાર જાતાં ભો રાખે, બાર જાવેનું કે બજાર જાવેનું બંધ થાઈગ્યુ. એક દન ધુળીનો ભાઈ હેંજો પીધેલો તી બુકતો બુકતો નદી હામેની ધેડ સડીગ્યો, હામેના ગામવાળા જાણીગ્યાને ધુળાને ખબર આલી તી ધુળો ઈને ટાડો પાડવા આયો. ધુળી ધુળાના પોગે પોગ આવીને સડાક કરતી લાકડી હેંજાના બોદેડામાં ઠોકી દીધી. હેંજો ગગડીને જાય પડયો, પાછો ઉઠીન ધુળીને મારવા દોડયો, ખેલ ભાળી બે ગામ આમહામા થાઈગ્યાં, કટોકટ થાતાં વાર ના લાગીને આમહામા દેવા મંડ્યા, ધુળાના હાથમાંથી વાત જાતી રી. તળસી, જગોડોહોને ગલા પૂજારા ની ભાળ કાડવા હાથમાં કડગ્યાળી ડાંગને હામા ટોળામાં ધડાધડી થાતી ગઈ તોય માથું દીન ભરાઈગ્યો, હેંજો લાગ જોઈ ઈની વાંહે આયોને તાહવીને માથામાં કડગ્યાળી ડાંગ મારી તી ધુળાના માથામાં ઝપલાતી પડીને એક પાંહેનું છોતરું હીટીગ્યું, ધુળાને કાળ સડીગ્યો તી પાહેવાળા કનથું ધારગ્યું હાપકી લીદું ને લોઈ દદડતું જાય તોય હેંજા વાંહે દોડયો, મુનકાની નોંદ કરીન ઝાટકો માર્યો. હેંજો નમીગ્યો, ડાબો કાનડો કાપી હડબું છોલી ડાબો ખબો ટંગવી દીધો. હેંજો પડયો ને ધુળો હેંજા ઈપેર પડી ઢગલો થાઈગ્યો. ભાન વગરના એક પાહે પડયાને લુક એકબીજાને દમુળે, તડા તડી થાતી જાય, કુઈનું ટાલકું રંગાયું, કુઈનો હાથ આમળી કાઢયો, કુઈનો ટાટગ્યો ભાગી નાંખ્યો તો કુઈનાં ફૂયણાં ટસરી નાંખ્યાં તી જાં ભાળે તાં લુઈ ટપકે. હાંમે, પેલી, નદી પાંહે આમલાવાળો વળાંક સે તાં છેલ્લવેલી રમેણ સાલી.

આમલાવાળા ખેતરનાં ઢેફાં ભાગીન ભુક્કો થાઈગ્યાં. મારને ભાળી તળસીને જગો ડોહો એક પાહે પડીગ્યા તી ધુળીની નોંદમાં આવીગ્યા, ભુરાંટી થાયેલી વાઘણ ખરીઓ ખૂંદે એમ ધુળી કુદે, સાતી ઠુકે, કાળની સડેલી બપકારી કરે. ઈ તે તળસી અને જગા ડોહાને ખોળે. દોડીન ઝપદીન તળસીને હાદોને સડી બેઠી, અરદુ નખોડુ સગળી ગઈ, તળસીએ પાટુ મારી તી જગા ડોહા હામે જઈ પડી. લાગ મળીગ્યો જાણી જગેડોહે તાહવીન ડાંગ મારી પુણ ધુળી તળપીગઈને પાછી ફરી જગાડોહાને ઘોઘળામાં હાદો, ઘંઘેટી ફંગેટ દીધોને પડેલા ઈપેર ઢેફાં આહટયાં તી આખો ભૂકરાળો થાયો, જગાડોહાને જાં ભાળે તાં લોઈ ફૂટયું, બોદેડામાં લાકડીના સપાટા મેલ્યા તી ઉબાને ઉબા ઉપડીગ્યા. માર મેલતી જાયને ધુળો કાં તી નોંદ કરતી જાય, ધુળા ઈપેર નજર પડતાં દોડીને ધુળાના માંથે ફાલકું બાંદી ઉસો કર્યો ને કાંધ પર મેલી ડુંગોરની પેલી ભીંત ઉતરી ગઈ.

મોડે મોડે હેંજાને દવાખાને ભરતી કર્યો તાં દાકતરે હાથ હવે કામ ના લાગે કરતોક ને હેંજાનો ડાબો હાથ કાપી નાંખ્યો તી હેંજાને એક હાથને એક કાનડો, સાહેબ, હજુતે ઈ આગ ટાડી નથી પડી, મારે તે ઈમ કેવું સે કે રાજનું કેમ કઈ નથી સાલતું કે, કાગડા બદે કાળા, સરકાર કાયદા ઘડે ને ઈકાયદાનો અમલ ના થાય તે કાયદાનો કુઈ અરથ ખરો. ગનો કરનારા વટભેર છુટે પછી પરજાને કોણ ગાંઠે.

વસ્તાકાકા, આ બધા ખેલ દાનત ના છે, આવા પ્રશ્નો મટે એમ નથી.

સાહેબ, મનખના અવતારમાં આવા પ્રશ્નો રેવાના, અવતાર બદલાય તો ઈ બદુ ધબ દઈને તૂટી પડે બાકી જેમનું તેમ સાલ્યા કરવેનું.

વસ્તાકાકા, મને, તમને કે સરકારને લોકો કયાં ગણે છે.

સાહેબ, લુક નથી ગાંઠતું, ઈ લુકની માયા સે.

વસ્તાકાકા, ધુળી હવે ધુળા પાહે છે તો દાપાનું શું ?

જમાદાર સાહેબ, ધુળી ના પાડે ઈ કાયદો ના બણે.

વસ્તાકાકા, દાપા માટે આટઆટલી માથાકુટતો થઈ હવે શું ?

જમાદાર સાહેબ, કાલ કેવી ઉગે ઈ ના પરખાય. માણહ જાતનો કદી ભરોહો ના થાય.

■